## એકમ–2 ઐતિહાસિક સંશોધન (Historical Research)

: રૂપરેખા :

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 ઐતિહાસિક સંશોધક

2.2.1 વ્યાખ્યાઓ

2.2.2 ઐતિહાસિક સંશોધન શું નથી

2.2.3 ઐતિહાસિક સંશોધન શું રચે છે ?

2.2.4 ફાયદાઓ

2.2.5 મર્યાદાઓ

2.2.6 હેતુઓ

2.3 વિનિયોગનો વ્યાપ (Scop of Application)

2.3.1 પુસ્તકાલય અને માહિતી સેવામાં વિનિયોગ

2.4 પ્રકારો

2.5 પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનમાં અગત્ય

2.6 સંશોધન કાર્યની પ્રક્રિયા

2.6.1 સંશોધન મુદ્દા અને સંશોધન સમસ્યા રૂપરેખાની ઓળખ.

2.6.2 પાશ્ચાદ્ ભૂમિકા માહિતી અથવા સંદર્ભિક માહિતીનો સંગ્રહ

2.6.3 ઉત્કલ્પનાઓનું નિર્માણ (નિરૂપણ)

2.6.4 પુરાવા અથવા માહિતી અથવા સાહિત્ય સમાલોચનાનો પદ્ધતિસર સંગ્રહ

2.6.5 ઐતિહાસિક સ્રોતોનું ચુસ્ત મૂલ્યાંકન

2.6.6 અહેવાલમાં નકારાત્મક માહિતી અર્થઘટન અને સંયોજન

2.7 ઈન્ટરનેટ

2.8 વૈજ્ઞાનિક સંશોધન

2.9 સમસ્યાઓ

2.10 સારાંશ

2.11 તમારી પ્રગતિ ચકાસોનાં ઉત્તરો

2.12 ચાવીરૂપ શબ્દો

2.13 સંદર્ભો અને વિશેષ વાંચન

### 2.0 ઉદ્દેશો (OBJECTIVES) :

- **આ એકમના વાચન બાદ, તમે શક્તિમાન થશો કે...**
- ઈતિહાસ શું છે અને ઈતિહાસકાર કોણ છે તે બાબતનું વર્ણન.
- પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનમાં ઐતિહાસિક સંશોધન અને તેના વિનિયોગનું ક્ષેત્ર સમજવું.
- તેના હેતુઓ અને લાભો સમજવા.
- ઐતિહાસિક સંશોધનના વિનિયોગ માટે યોગ્ય સંશોધન પરિસ્થિતિ ઓળખવી.
- ઐતિહાસિક સંશોધન માટે સંચાલનની પ્રક્રિયા સમજાવવી.

- સંશોધન માટે ઉપલબ્ધ માહિતી સ્ત્રોતોના પ્રકારોનું વર્ણન કરવું.
- માહિતી સ્ત્રોતો અને માહિતીઓના મૂલ્યાંકન માટે માપદંડો અનુસરવા.
- ઐતિહાસિક સંશોધન સંચાલનમાં સામનો કરાતી સમસ્યાઓ ઓળખવી.

## 2.1 પ્રસ્તાવના (INTRODUCTION) :

### ઇતિહાસ શું છે ?

સમાજની રચના કરતા લોકો ઇતિહાસના ઘડવૈયા છે તથા ઉત્પાદકો પણ છે જે ઇતિહાસનું પરિણામ છે. આધુનિક સમાજમાં, ગમે તે રીતે આપણે પ્રયત્ન કરીએ, આપણે ઈતિહાસથી છટકી શકીએ નહીં. તે જીવનનો અભિન્ન ભાગ રચે છે. તે સમગ્ર સમય આપણા દૈનિક જીવનને અસર કરે છે. દૈનિક જીવનમાં નિર્ણય લેવામાં, આપણે તેને આપણા ભૂતકાલીન અનુભવો પર આધાર તરીકે મૂકીએ છીએ.

સામાન્ય રીતે સમજ્યા પ્રમાણે ઇતિહાસએ ''પ્રસંગોનો જ ઉલ્લેખ કરે અથવા પ્રસંગોની નોંધનો ઉલ્લેખ કરે (પાર્ટનર, 1997 વોલ્યુમ 12 પાન. 147) તે આગળ ઉમેરે છે,'' કુદરત તથા માણસનો સમાવેશ કરવા, ઈતિહાસનું ખૂબ જ વિસ્તૃત રીતે અર્થઘટન કરાય. જેવી રીતે ડાર્વીને સ્પષ્ટ કર્યું. તે ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો ઈતિહાસ છે. પરંતુ સામાન્ય ઉપયોજનમાં ઈતિહાસ, માણસ અને તેને શું બન્યું તેના અભ્યાસનો ઉલ્લેખ કરે છે.'' (પાન. 147)

ઈતિહાસએ માનવજાતનો ભૂતકાલીન અનુભવ છે. વધારે ચોક્કસપૂર્વક, ઈતિહાસએ ભૂતકાલીન અનુભવની યાદગીરી છે. (ડેનીઅલ્સ, 1996, પાન.226) આ રીતે, તે વર્ણનાત્મક નોંધમાં મૂકીને માહિતીના સ્ત્રોતોમાંથી ઉતરી આવેલા પ્રસંગોના પુનઃનિર્માણ કરેલા પ્રવાહમાં ઈતિહાસકારોના કાર્યની નીપજ છે.

### ક્ષેત્ર/વ્યાપ : (Scope)

ઈતિહાસનો વિષય મહત્ત્વના ભૂતકાળની વિગતો જેનો અર્થ થાય સંસ્થાઓ વ્યક્તિગત કાર્યો કે જે સમગ્ર સમાજોના અનુભવ અને વિકાસને અસર કરે છે તેની રચના કરે છે (તે રચે છે.) (ડેનીઅલ્સ 1996 પાન.226) પરંપરાગત રીતે, તે સરકારોના કાર્ય, તેમના નેતાઓ અને તેમની વચ્ચેના સંઘર્ષો (જેનું નામ અપાય છે રાજકીય અને મુત્સદ્દીગીરી ઈતિહાસ)માં પ્રતિબિંબિત થતું હતું. આમ છતાં, છેલ્લા સોએક વર્ષ દરમિયાન, ઈતિહાસનો વ્યાપ, ઈતિહાસના ખ્યાલો, આર્થિક અને સામાજિક જીવનમાં પદ્ધતિઓ અને પ્રવાહો કે જે આપણા સમગ્રતથા સમાજને પ્રભાવિત કરે છે તથા તેનું ચરિત્ર ચિત્રણ કરે છે તેનો સમાવેશ કરવા પણ વિસ્તૃત થયો છે.

### ઈતિહાસનાં પરિમાણો :

ઈતિહાસને બે પરિમાણો હોય છે (પોવેલ, 1991, પાન. 137-38) કે જે ઐતિહાસિક માહિતીઓના અર્થઘટન માટે ઉપયોગી છે. તે પ્રસંગો અને પદ્ધતિઓને ગોઠવવાનું ધ્યાનમાં લે છે. તેનો ઘણીવાર સમય રેખા તરીકે ઉલ્લેખ કરાય છે. બીજું પરિમાણ ઐતિહાસિક સ્થાન અથવા ભૌગોલિક સ્થાન છે કે જ્યાં પ્રસંગો બનતા.

### ઈતિહાસકારો :

ઈતિહાસકારોએ સંશોધકો છે જેઓ વ્યક્તિઓ અને સમાજો અને તેમની વર્તણૂકો, હેતુઓ, ડર, આશાઓ, ઈચ્છાઓ, અનુભવો વગેરે બાબતમાં અભ્યાસ પર પ્રકાશ પાડે છે. તેઓ તેમનો અભ્યાસ માહિતી સ્ત્રોતોના સમીયવર્તી તપાસના આધારે પાર પાડે છે. તેઓ તેમનાં અવલોકનની નોંધ કરે છે અને નોંધો ઉત્પન્ન કરે છે જેને તેઓ આગળ સંશોધન અને નોંધ માટે ભાવિ પેઢીઓ તરફ પસાર કરે છે. તેઓ સમય આધારે ઈતિહાસને અદ્યતન બનાવવાનો પણ પ્રયત્ન કરે છે. ઈતિહાસકારો અને રસપ્રદ શૈલીમાં વર્ણાત્મક અહેવાલોમાં રજૂ કરે છે. બનાવો અને પ્રવાહોની પદ્ધતિસર વર્ણન અને નોંધણી પૂરી પાડે છે.

ઈતિહસકારો તેમને ઉપલબ્ધ માહિતીઓના વિસ્તૃત વિવિધતાના આધારે તેમનાં અવલોકનોની નોંધ કરે છે. વિસ્તૃત માહિતીઓમાંથી તેઓ એ માહિતી પસંદ કરે છે જે વાસ્તવિક અને વિશ્વસનીય હોય.

વસ્તુલક્ષીતા પ્રાપ્ત કરવા તેમના સર્વોત્તમ પ્રયત્નો છતાં, પૂર્વગ્રહ તેમની પસંદગીમાં તથા માહિતીઓના તેમના અર્થઘટનમાં ધુસી જાય છે. આ તેમના જીવનના અનુકૂલન અને તેમની રાષ્ટ્રીયતા, ધર્મ, માન્યતાઓ, પરંપરાઓ, શિક્ષણ, મોભો (સામાજિક, આર્થિક અને રાજકીય) પર્યાવરણ વગેરેમાંથી જાગરૂકતાથી અથવા બિનજાગરૂકતાથી વિવિધ અસરો પરત્વે ખુલ્લા પડી જવાના વિચારને કારણે બને છે. આમ છતાં, સારો ઈતિહાસકાર તેના લખાણમાં વસ્તુલક્ષીતા લાવવા તેના વર્ણનમાં તેના પૂર્વગ્રહોને ખુલ્લા કરે છે. આ હંમેશાં બૌદ્ધિક રીતે પ્રામાણિક સંશોધકમાંથી અપેક્ષા રખાય છે.



## 2.2 ઐતિહાસિક સંશોધક (HISTORICAL RESEARCH) :

### 2.2.1 વ્યાખ્યાઓ (Definitions) :

ઐતિહાસિક સંશોધનએ ''કારણો, અસરો અથવા એવા પ્રસંગોના પ્રવાહોને લગતી ઉત્કલ્પનાની ચકાસણી કરવા ભૂતકાળના બનાવો સંબંધી માહિતીઓનું વસ્તુલક્ષી મૂલ્યાંકન અને પદ્ધતિસરને સંગ્રહ છે. આવા બનાવો વર્તમાન ઘટનાઓને સમજાવવી અને ભાવિ ઘટનાઓની અપેક્ષા રાખવા મદદ કરે છે.'' (ગે Gay, 1981 પાન.432)

ઈસાક અને માઈલકના મત મુજબ,'' ઐતિહાસિક સંશોધન ઘણીવાર ખાસ ઉત્કલ્પનાના સંબંધમાં બચાવ કરી શકાય એવાં તારણો સુધી પહોંચવા અને હકીકતો સ્થાપિત કરવા પૂરવાને એકત્ર કરી મૂલ્યાંકન કરી ચકસણી કરી અને સંયોજન કરીને પદ્ધતિસર અને વસ્તુલક્ષીરીતે ભૂતકાળમાં પુનઃનિર્માણનો સમાવેશ કરે છે (1981, P.44) ઇતિહાસ લેખન ઐતિહાસિક ઘટનાઓના અર્થોનું અર્થઘટન કરવા અને પૃથક્કરણ કરવા સાથે સંબંધિત છે. એ એવી પ્રક્રિયા છે સાચું ઐતિહાસિક સંશોધન અથવા ઇતિહાસ લેખને ઉપલબ્ધ વસ્તુઓનો અભ્યાસ કરીને ભૂતકાળમાં ઘટનાઓના સંભવિત સત્યની બાબતમાં તારણો સુધી પહોંચવા શક્તિમાન બને છે.'' (ગોલધોર 1972 પાન.98)

જે બન્યું છે તે શોધવાનો શૈક્ષણિક અભ્યાસના પ્રયત્ન કરી માનય. (માઉલી, 1978, પાન. 157)

''ઐતિહાસિક સંશોધન એ ભૂતકાળમાં શું બન્યું છે તેનો હેવાલ આપવા ભૂતકાળની ઘટનાઓને પદ્ધતિસર તપાસવાની પ્રક્રિયા છે.'' (જહોન્સન પ્રકરણ-12 પાન.1)

ઉપરની વ્યાખ્યાઓ ચોક્કસપણે ઉપયોગી છે. તે ઉત્કલ્પનાની ભૂમિકા દર્શાવે છે. ઈસાક અને માઈકલ હકીકતોને પદ્ધતિસર રીતે વસ્તુલક્ષીતાની રીતે સ્થાપિત કરવા ઉપર ભાર મૂકે છે. ગોલધર 'સાચું ઐતિહાસિક સંશોધન' શબ્દનો ઉપયોગ કરે છે અને ભૂતકાળમાં ઘટનાના સંભવિત સત્યનો ઉલ્લેખ કરે છે. માઉલી શૈક્ષણિક અભ્યાસ પ્રયત્ન પર ભાર આપીને ખૂબ સાદી વ્યાખ્યા આપે છે.

આમ, ઉપરની બાબતો ઉપરથી આપણે તારણ કાઢીએ કે સાચું ઐતિહાસિક સંશોધન એ હકીકતો અને બચાવવા યોગ્ય તારણો સ્થાપિત કરવા ભૂતકાળની ઘટનાઓ સંબંધિત પૂરાવાઓ પદ્ધતિસર રીતે અને વસ્તુલક્ષીરીતે એકત્ર કરી, મૂલ્યાંકન કરી, ચકાસણી કરી અને સંયોજન કરીને ભૂતકાળના પુનઃનિર્માણની પ્રક્રિયા છે. આ હકીકતો અને તારણો ઘણીવાર ભૂતકાળમાં જે બન્યું તેના શૈક્ષણિક અભ્યાસ હેવાલ પર આવવા ખાસ ઉત્કલ્પના (જો યોગ્ય)ના સંબંધમાં હોય છે.

### 2.2.2 ઐતિહાસિક સંશોધન શું નથી ? (What is not Historical Research) :

સાચા ઐતિહાસિક સંશોધનને સાલવારીથી અલગ તારવવું જ જોઈએ.''સાલવારીને ઐતિહાસિક સંશોધનની વધારે જૂની સંકલ્પનાને સમાન પ્રક્રિયા, પ્રસંગોને તેમના બનાવના ક્રમમાં માત્ર ગોઠવવા તરીકે વ્યાખ્યાયિત કરાય છે.'' (પોવેલ, 1991, પાન.137) પ્રસંગોની સાલવારી એ પછી આવતાં પગથિયાં માટે માહિતીઓ અથવા સામગ્રી પૂરી પાડવા ઐતિહાસિક સંશોધનની પ્રક્રિયામાં માત્ર પ્રથમ પગથિયું છે.

ભૂતકાલીન ઘટનાઓના વર્ણનને ઐતિહાસિક સંશોધન ગણાય નહીં. તે સંશોધક માટે પશ્ચાદ્ભૂમિ તરીકે સેવા આપે છે. તે તેના માટે પ્રસ્થાન બિંદુ છે.

હકીકતોના વર્ણનના સમાવેશ સાથે તેમનો માત્ર સંગ્રહ ઐતિહાસિક સંશોધન રચાતો નથી. હકીકતોનું વર્ણન કરવાનું હોય છે અને એક સંપૂર્ણ ચિત્ર દોરવાનું હોય છે. આ ચિત્રને અર્થપૂર્ણ અને સમવર્તી બનાવવાનું હોય છે.

### 2.2.3 ઐતિહાસિક સંશોધન શું રચે છે ? (What Constitutes Historical Research) :

સાચું ઐતિહાસિક સંશોધન, ઈતિહાસ લેખન, ઐતિહાસિક બનાવો આ અર્થનું અર્થઘટન કરવા અને પૃથક્કરણ કરવા સંબંધિત છે. તે એવી પ્રક્રિયા છે. જેના દ્વારા સંશોધક વર્તમાનમાં અવલોકનો માટે ઉપલબ્ધ વસ્તુઓનો અભ્યાસ કરીને ભૂતકાળમાં કોઈ બનાવવા સંભવિત સત્યની બાબતોમાં તારણો સુધી પહોંચવા શક્તિમાન બને છે. (ગોલ્ડહોર 1972, પાન.98)

તે નીચેનું, ભૂતકાળના ગતિશીલ હેવાલ છે જે અર્થછાયાઓ, વ્યક્તિઓ અને વિચારોને પુનઃપ્રાપ્ત કરાવાના પ્રયાસમાં પ્રસંગોના અર્થઘટનનો સમાવેશ કરે છે આ અર્થછાયાઓ, વ્યક્તિત્વો અને વિચારોએ આ બનાવોને પ્રભાવિત કર્યો.

ઉપરમાંથી એવું અનુસરણ થાય છે કે ઐતિહાસિક સંશોધનએ એ બનાવોના અર્થઘટનના આધારે લખાયેલ ભૂતકાલીન પ્રસંગોના વર્ણનાત્મક હેવાલને રચે છે. આ ઐતિહાસિક સંશોધન એ સમયમાં આકાર પામેલા બનાવોના પર્યાવરણ, વિચારો અને વ્યક્તિઓને પુનઃપ્રાપ્ત કરે છે.

### 2.2.4 ફાયદાઓ (Advantages) :

નીચે જણાવ્યા મુજબના ઐતિહાસિક સંશોધનના કેટલાક ફાયદાઓ છે.

- અભ્યાસ હેઠળની પરિસ્થિતિમાં સંશોધન ભૌતિક રીતે સમાવિષ્ટ નથી.
- પ્રયોગકાર-વિષય આંતર પ્રક્રિયાનો કોઈ ભય નહીં.
- પ્રલેખો સંશોધક દ્વારા શોધ્યા હોય છે, માહિતીઓ એકત્ર કરાઈ હોય છે અને દૃષ્ટિ બહાર તારણો તારવાયેલાં હોય છે. (કી 1997, પાન.નં.2-3)

''ઐતિહાસિક પદ્ધતિએ અને ક્રિયાપદ્ધતિઓ પર આવેલ તારણોની ચકાસણી કરવા અને ઐતિહાસિક નોંધની શોધખોળ કરવા ઘણી અન્ય વિદ્યાશાખાઓમાંથી સંકલ્પનાઓ અને નિષ્કર્ષોનો ઉપયોગ કરીને અન્ય સંશોધન પદ્ધતિઓ કરતાં તેના અભિગમમાં ઘણી વધારે રાસાયણિક સારગ્રાહી છે.'' (શિ 1984 પાન.385) લેખક આગળ ઉમેરે છે, માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની અને આધારરૂપ પ્રયુક્તિઓ સાથે જોડાણમાં અથવા એકલી વપરાયેલી ઘણી પદ્ધતિઓ પૂર્ણરીતે નિદર્શન કરી શકે કે કોઈ ખાસ પરિસ્થિતિ અને ચલો વચ્ચે વચ્ચે સંબંધો વર્તમાનમાં અસ્તિત્વ ધરાવે છે. પરંતુ આ તારણોની સ્થિરતા અને શાશ્વતતા હંમેશા ઐતિહાસિક ચકાસણી સિવાય વાંધાજનક હશે. (શીકટેડ 1984, પાન.35-6)) અને

- કદાચ અન્ય કોઈ સંશોધન પદ્ધતિ કરતાં વધારે ઐતિહાસિક સંશોધન ગ્રંથપાલોને સંદર્ભ પૂરો પાડે છે. તે સંદર્ભ સ્થાપિત કરવામાં મદદ કરે છે. જે સંદર્ભોમાં ગ્રંથપાલો તેમનું કાર્ય પાર પાડે છે. સંદર્ભની સમજ તેમને સમાજમાં તેમનાં કાર્યો પરિપૂર્ણ કરવા શક્તિમાન બનાવે છે. ગ્રંથપાલતરીકે સ્ત્રીઓના મોભાનો અભ્યાસને સમાજમાં તેમનાં ઐતિહાસિક મૂળની સમજ તથા વ્યવસાય તરીકે ગ્રંથપાલતરીકે ભૂમિકાની જરૂર પડે છે. એ જ રીતે, ભારતમાં વિશ્વ વિદ્યાલયના ગ્રંથપાલોના મોભામાં તપાસણીને સંદર્ભ સ્થાપિત કરવાની જરૂર પડે. માત્ર જ કોઈ વ્યક્તિગત વાતાવરણ કે જેમાં ગ્રંથપાલો નિર્ણયો લે છે અથવા તેમનું વ્યાવસાયિક કાર્ય પાર પાડે છે તેની મૂલવણી કરી શકે. કોઈ વાર, આપણને પ્રશ્નો ઉપસ્થિત થાય છે જેવા કે પુસ્તકાલય દ્વારા શા માટે કોઈ ખાસ સેવા શરૂ કરાઈ હતી અથવા શા માટે પુસ્તકાલયે તેના સંગ્રહને

કોલન વર્ગીકરણમાંથી ડ્યૂઈ દર્શાશ વર્ગીકરણમાં પુનઃવર્ગીકૃત કર્યું ના ઉત્તરો શોધવા હોય છે ત્યારે ઐતિહાસિક સંશોધન આપણને ઉત્તરો શોધવા શક્તિમાન બનાવે છે.

### 2.2.5 મર્યાદાઓ (Limitations) :

માનવનો ભૂતકાળ એ ઐતિહાસિક સંશોધનનું વિષયવસ્તુ છે. એ નોંધવું જરૂરી છે કે ભૂતકાળએ અવશેષો દ્વારા જાણી શકાય છે. આ અવશેષો સંશોધકને ઉપલબ્ધ બને છે. આ રીતે, ભૂતકાળ તેના દ્વારા પ્રત્યક્ષ રીતે બિલકુલ તપાસી શકાતો નથી. સંશોધક ભૂતકાળની પુનઃભૂમિકા ભજવી શકતો નથી પણ પ્રાયોગિક સંશોધનથી વિરુદ્ધ તે તેનું માત્ર અર્થગ્રહણ કરી શકે છે.

ઈતિહાસએ આત્મલક્ષીતના વારસાગત લક્ષણનો સમાવેશ કરે છે એ કારણથી કોઈપણ અગત્યના વિષય પર આખરી સત્યને ક્યારે લખી શકાય નહીં. પછીથી ઈતિહાસકારો સંદર્ભ, નવા રસ અને નવી ધારણાઓના વિવિધ માળખા સાથે કામ કરે છે. તેઓ નવા પ્રશ્નો પૂછશે અને કેટલીકવાર નવા સ્રોત સામગ્રીને શોધશે. આખરે સ્રોતની જ ખામીઓના કારણે, એક અગત્યની ઘટનાના સંપૂર્ણ સત્યને ક્યારેય સંપૂર્ણરીતે સ્થાપિત કરી શકાતું નથી. નવી પેઢીઓ અને રાષ્ટ્રીયતાઓ નવાં આંતઃસ્ફૂરણો અને ભૂતકાળનાં નવાં અર્થઘટનો આપવા હંમેશાં તત્પર રહેશે. આખરી પૃથક્કરણમાં, આપણે તારણ કાઢીએ કે આખરી સત્ય લખાવાની કોઈ સંભવિતતા નથી.

### 2.2.6 હેતુઓ (Purpose) :

ઐતિહાસિક સંશોધન નીચેના હેતુઓ પરિપૂર્ણ કરવા પાર પડાય છે.

- **ભૂતકાળનું પુનઃનિર્માણ કરવા.**

  ઈતિહાસકાર બચાવ કરી શકાય એવાં તારણોએ પહોંચીને પદ્ધતિસર અને વસ્તુલક્ષી રીતે ભૂતકાળનું પુનઃનિર્માણ કરે છે.

- **અજ્ઞાન ઘટનાઓને શોધવી.**

  એવા કેટલાક ઐતિહાસિક બનાવો હોય છે જે અજ્ઞાત હોય છે અને ભૂતકાળમાં બન્યાં હોય છે. ઈતિહાસકાર આ અજ્ઞાત બનાવોને શોધવા પ્રયત્ન કરે છે.

- **બનાવોની અગત્ય સમજવી.**

  એવા મહત્ત્વના બનાવો હોય કે જે ઈતિહાસકાર દ્વારા અભ્યાસ કરાતા હોઈ સંગઠન/ચળવળ/પરિસ્થિતિ/વ્યક્તિને આકાર આપવા માટે જવાબદાર હોય.

- **કોઈ સંસ્થા/ચળવળ/પરિસ્થિતિનો સંદર્ભ શોધવો.**

  ભૂતકાળને શોધવા અને સમજાવવા, ઈતિહાસકાર અભ્યાસ કરતાં સંગઠન/ચળવળ/પરિસ્થિતિનો સંદર્ભ શોધવાનું લક્ષ્ય રાખે છે.

- **ભૂતકાળ વિષેના પ્રશ્નોના ઉત્તરો શોધવા.**

  ભૂતકાળ વિષે ઘણા પ્રશ્નો હોય, કે જેના જવાબો શોધવાનું આપણને ગમે. ઉત્તરો જાણવાની બાબત ભૂતકાળની ઘટનાઓની સમજ વિકસાવવા માટે આપણને જાગૃત કરી શકે.

- **કારણ અને અસર સંબંધનો અભ્યાસ કરવો.**

  બે ઘટનાઓ વચ્ચે કારણ અને અસર સંબંધ હોય છે. આવા સંબંધને સુનિશ્ચિત કરવાનું ગમે.

- **ભૂતકાળ અને વર્તમાન વચ્ચે સંબંધોનો અભ્યાસ કરવો.**

  ભૂતકાળ આપણને વર્તમાન ઘટનાઓ વિશે વધારે સારો પરિપ્રેક્ષ મેળવવા

અવારનવાર મદદ કરી શકે છે. આ રીતે, સંશોધક ભૂતકાળ અને વર્તમાન વચ્ચે સંબંધ ઓળખવાનો હેતુ ધરાવે છે. જે રીતે આપણે વર્તમાનનો સ્પષ્ટ પરિપ્રેક્ષ્ય મેળવી શકીએ. (માઉલી, 1978, પાના.નં.158)

- **વ્યક્તિગત, સંસ્થાગત અને અન્ય પ્રકારનાં સંગઠનોની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવું અને નોંધણી કરવી.**

  ઈતિહાસકારો સંસ્થાઓ અને એજન્સીઓના સમાસ સાથે આગેવાન વ્યક્તિઓ અને વિવિધ પ્રકારની સંસ્થાઓની સિદ્ધિઓની નોંધણી અને મૂલ્યાંકનમાં અત્યંત રસ ધરાવે છે. કારણ કે આ બાબતો ઐતિહાસિક ઘટનાઓને પ્રભાવિત કરે છે.

- **ચિંતાની તત્કાલ ઘટનાની સમજ પૂરી પાડવી.**

  સંશોધક ઘટનાની તપાસ કરી રહ્યો હોય. ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય ચિંતાની તાત્કાલિક ઘટનાની સારી સમજ મેળવવા તેને શક્તિમાન બનાવે છે.

- **પુસ્તકાલયોનો સાંસ્કૃતિક સમજવો.**

  સંસ્થાઓ તરીકે પુસ્તકાલયો સંસ્કૃતિનો અગત્યનો ભાગ રચે છે. પુસ્તકાલયોનો અભ્યાસ આપણને પુસ્તકાલયોના વિકાસ અને વૃદ્ધિ માટે જવાબદાર સંસ્કૃતિ સમજવા શક્તિમાન બનાવે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

1. ઐતિહાસિક સંશોધન શું છે તેની ચર્ચા કરો.
2. ઐતિહાસિક સંશોધનના હેતુઓની ગણના કરો.

નોંધઃ ૧. નીચે આપેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો

2. એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાશો

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

## 2.3 વિનિયોગનો વ્યાપ (SCOPE OF APPLICATION) :

સંશોધનની ઐતિહાસિક પદ્ધતિ વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વગેરેના સમાવેશ સાથે અભ્યાસનાં તમામ ક્ષેત્રને લાગુ પાડી શકાય છે. કોઈપણ ક્ષેત્રોને લાગુ પાડી શકાય છે. કોઈપણ ક્ષેત્રમાં, ઐતિહાસિક પદ્ધતિ લાગુ કરવા યોગ્ય માલુમ પડી છે જ્યાં અભ્યાસ તેની ઉત્પત્તિઓ, વૃદ્ધિ, વિકાસ, અસર, ઉપયોગ, સિદ્ધાંતો, વ્યક્તિઓ અને કટોકટી વગેરેનો સમાવેશ કરે છે.

### 2.3.1 પુસ્તકાલય અને માહિતી સેવામાં વિનિયોગ (LIS) (Application in LIS) :

ઐતિહાસિક સંશોધન પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ જ લોકપ્રિય છે. એની સાથે સાથે તે ઓછામાં ઓછું સમજાય છે. ઘણીવાર, તે અન્ય પ્રકારનાં સંશોધનોની તુલનામાં ઓછા મહત્ત્વનું ગણાય છે કારણ કે અન્ય પ્રકારનાં સંશોધનો ગ્રંથપાલો દ્વારા સામનો કરાયેલ વ્યવહારુ સમસ્યાઓને પ્રત્યક્ષરીતે સંબંધીત મુદ્દાઓ ની ચિંતા વ્યવહારુ સમસ્યાઓ વધારે અગત્ય આપે છે.

સંશોધક મુદ્દાઓના વિશાળ ક્ષેત્રને સંશોધનની ઐતિહાસિક પદ્ધતિને લાગુ પાડી શકે.

- **ઉત્પત્તિઓ/ઉગમો :**

  વડોદરાના (ભારત) રાજ્યમાં જાહેર પુસ્તકાલય ચળવળની ઉત્પત્તિઓ અને પશ્ચાદ્ભૂમિકાઓ તમીલનાડુમાં જાહેર પુસ્તકાલય ચળવળની ઉત્પત્તિઓ દિલ્હી

વિશ્વવિદ્યાલય પુસ્તકાલયો ની શરૂઆત (1925-1947)નો ઈતિહાસ

- **વૃદ્ધિ :**

  પંજાબ (ભારત)માં મહાશાળા પુસ્તકાલયોની વૃદ્ધિ ભારતમાં પુસ્તકાલય વ્યવસ્યાયની વૃદ્ધિ

- **વિકાસ :**

  અમેરિકામાં ગ્રંથપાલપણા સંદર્ભની વૃદ્ધિ અને વિકાસ

  દક્ષિણ ભારતમાં જાહેર પુસ્તકાલયોનો વિકાસ

  આંતરરાષ્ટ્રીય કક્ષાએ પુસ્તકાલય ધોરણોનો વિકાસ

  છેલ્લા બે દસકા દરમિયાન અમેરિકામાં પુસ્તકાલય સાધનનો વિકાસ.

  પુસ્તકાલય સ્રોતોની સાચવણી માટે પદ્ધતિઓનો વિકાસ ભારતમાં વિશ્વવિદ્યાલય ગ્રંથાલય ભવનોના વિકાસનો અભ્યાસ.

  ભારતીય પુસ્તકાલય વિકાસ, 1947-1999.

- **અસર :**

  છેલ્લા પચાસ વર્ષ દરમિયાન ઈંગ્લેન્ડમાં પુસ્તકાલય સેવાઓ પર ટેકનોલોજીની અસર

  સૂચિપત્રકરણ પ્રાયોગિક પર માહિતી ટેકનોલોજીની અસર

  સામયિક પ્રકાશનોની પ્રાપ્તિ/ઉપલબ્ધિ પર માહિતી ટેકનોલોજીની અસર

- **ઉપયોગ :**

  1991થી હાલ સુધી ઓસ્ટ્રેલિયામાં જાહેર પુસ્તકાલયોમાં સાધનનો ઉપયોગ

  વિશિષ્ટ પુસ્તકાલયોમાં ચોપાનિયાંના સંગ્રહ માટે સંગ્રહ માધ્યમોનો ઉપયોગ

- **વ્યક્તિત્વો :**

  વીસમી સદી દરમિયાન અમેરિકામાં પુસ્તકાલય વ્યવસાયના વિકાસમાં અગ્રેસર વ્યક્તિઓનું યોગદાન

  એસ.આર. રંગનાથન : ભારતીય ગ્રંથાલયશાસ્ત્રના પિતા

- **સિદ્ધાંત :**

  પુસ્તકાલય વર્ગીકરણના વર્ણનાત્મક સિદ્ધાંતથી ગતિશીલ સિદ્ધાંત સુધી સંદર્ભ સિદ્ધાંતોનો વિકાસ

- **કટોકટી :**

  સપ્રુ ગૃહ પુસ્તકાલયમાં પતનઃ મહાન સંસ્થાના ચડતી અને પડતીની વાર્તા ભારતિય ગ્રંથાલય શાસ્ત્રની ચારદિશાઃ કટોકટીની પરિસ્થિતિનું મૂળ કારણ.

- **ઈતિહાસ :**

  માહિતી પદ્ધતિઓનો ઈતિહાસ

  ઓગણીસમી સદી દરમિયાન ભારતમાં પુસ્તકાલયનો ઈતિહાસ

  દિલ્હી વિશ્વવિદ્યાલય પુસ્તકાલયનો ઈતિહાસ

  ભારતીય પુસ્તકાલય સંગઠનનો ઈતિહાસ 1933-1983

  અમેરિકન પુસ્તકાલય ઈતિહાસ 1876-2000

  1947 સુધીના ભારતીય જાહેર પુસ્તકાલય ચળવળનો ઈતિહાસ

  દક્ષિણ આફ્રિકામાં વિશ્વવિદ્યાલય પુસ્તકાલયો : તેઓનો ઈતિહાસ, પરિસ્થિતિ અને વ્યવસ્થાપન

  - પ્રતિનિધિ ઉદાહરણો :
  - ડેલ, ડોરીસ સી (1968)

રાષ્ટ્રસંઘ પુસ્તકાલયનો વિકાસ અને ઉત્પત્તિઓ ન્યુ યોર્ક, કોલંબિયા વિશ્વ વિદ્યાલય

- હેન્સન ઈ. આર. (1974) સૂચિપત્રકરણ અને અમેરિકન પુસ્તકાલય સંગઠન 1876-1956 પીટ્સબર્ગ વિશ્વવિદ્યાલય

- હોલી એડવર્ડ જી (1961) ચાર્લ્સ ઈવાન્સ : અમેરિકન વાગ્મયસૂચિકાર, ઉરબના, ઈલિયોનેસ વિશ્વવિદ્યાલય

- મહાજન એસ.જી. (1984) મહારાષ્ટ્રમાં જાહેર પુસ્તકાલય ચળવળનો ઈતિહાસ (પૂર્વ મુંબઈ પ્રાંત) પુણે, સુભદા-સારસ્વત પ્રકાશનો.

- નાગર, મુરલી (1983) ભારતમાં પુસ્તકાલય ચળવળનો પાયો, લુધિયાણા, ભારતીય પુસ્તકાલય સંસ્થા અને વાગ્મયસૂચીય કેન્દ્ર

- ઓહડેડર એ.કે. (1966) ભારતમાં પુસ્તકાલયોની વૃદ્ધિ 1498-1836 કોલકતા વર્લ્ડ પ્રેસ

- પેટરસન, કેનેથ જી. (1968) બહેલીમાં કેલિફોર્નીયા પુસ્તકાલયના વિશ્વવિદ્યાલયનો ઈતિહાસ 1900-1945 બહેલી, કેલિફોનીયા વિશ્વવિદ્યાલય

- તાહેર, મોહમ્મદ (2001) ભારતના રાષ્ટ્રીય વિકાસલક્ષી પરિપ્રેક્ષોમાં પુસ્તકાલયો : આઝાદીથી પચાસ વર્ષોની ગાથા : નવી દિલ્હી કન્સેપ્ટ પબ્લીશીંગ

- વ્હાઈટ હીલ, વોલ્ટર એમ. (1956) બોસ્ટન જાહેર પુસ્તકાલય શતાબ્દી ઈતિહાસ, કેમ્બ્રીજ માસ, હાર્વર્ડ યુનિવર્સિટી પ્રેસ.

## 2.4 પ્રકારો (TYPES) :

હીલવેના મત મુજબ (1964 પાન.159) નીચે જણાવ્યા મુજબના ઐતિહાસિક સંશોધનના છ (6) પ્રકારો છે.

- જીવનચરિત્રને લગતું સંશોધન
- સંસ્થાઓ અને સંગઠનોનો ઈતિહાસ
- સ્રોતો અને અસરોની તપાસ
- ઐતિહાસિક પ્રલેખોનો અનુવાદ અને સંપાદન
- વિચારોના ઈતિહાસનો અભ્યાસ અને
- જીવન ચરિત્રોનું સંપાદન

સંશોધનના ખાસ પ્રકારની ઉપયોગ અભ્યાસના વિષય ક્ષેત્ર તથા અનુસરવાની તપાસના સ્વરૂપ ઉપર આધાર રાખો. વાસ્તવિક વ્યવહારમાં, ઈતિહાસકારો અભિગમોની વિવિધતા સ્વીકારી રહ્યા હોય છે. માહિતીઓના સંગ્રહ અને અર્થઘટન પરત્વે સંશોધકનો અભિગમ એ વિચારની કઈ શાખા ધરાવે છે જેવા કે નિયતિ પરિપ્રેક્ષ્ય નવો સામાજિક ઈતિહાસ, વર્ણનાત્મક ઢબ, વગેરે જેવી હકીકતો દ્વારા પ્રભાવિત થાય છે. નવા સામાજિક ઈતિહાસમાં સમાજ વિજ્ઞાન પ્રકારનું પૃથક્કરણ ઉપયોગમાં લેવાય છે. વર્ણનાત્મક ઢબમાં, હેવાલ કેવી રીતે લખાયેલ છે તેના ઉપર ભાર હોય છે.

## 2.5 પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનમાં અગત્ય (IMPORTANCE IN LIS) :

પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનની રચના કરતા જ્ઞાનના પિંડને તેણે યોગદાન આપ્યું છે. માઈકલ હેરીસના મત મુજબ, ''પુસ્તકાલયોનાં કાર્યોની ઐતિહાસિક વ્યાખ્યાની સ્પષ્ટ સમજ પુસ્તકાલયો વચ્ચે વર્ધીત પ્રત્યાયનને સારી રીતે યોગદાન આપે'' (1971,પાન.નં.1)

ઈતિહાસ આપણને ઘણા પાઠો શીખવે છે. તે જુદા જુદા સમયગાળાઓમાં, વિવિધ પુસ્તકાલયોમાં, વિવિધ શાળાઓમાં અથવા વ્યાવસાયિક સંસ્થાઓ દ્વારા કરાયેલ ઘણી ભૂલોના વર્ણનનો સમાવેશ કરે તે પુસ્તકાલયોને, પુસ્તકાલય શિક્ષકોને અને વ્યવસાયના આગવેનોને ભૂતકાળમાંથી શીખવા કે જેથી ભૂતકાળમાંની ભૂલો પુનરાવર્તિત ન થાય તે માટે મદદ કરી શકે. એજ રીતે, ભૂતકાળની સફળતાઓએ આપણને ઘણા પાઠો ભણાવવાના હોય છે.

પુસ્તકાલય ઈતિહાસ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં વર્તમાનને સમજવા ગ્રંથપાલોને શક્તિમાન બનાવે છે. તે આપણને પ્રવર્તમાન પરિસ્થિતિની મૂલવણી કરવા અને સમજવા મદદ કરશે.

ઈતિહાકારો દ્વારા ઉત્પાદિત પુસ્તકાલયોનો ઈતિહાસ પુસ્તકાલયોનો ઉદ્ભવ કેવી રીતે થયો અને સમયાંતરે કેવી રીતે વિકસ્યાં તે વિશે મહત્ત્વની વિગતો પૂરી પાડે છે. તે પુસ્તકાલયોની અગત્યનું પણ સૂચન કરે છે. જૈવિક રસાયણશાસ્ત્ર વિશે મોટા સંગ્રહના નિર્માણનો અભ્યાસ એ સંગ્રહ તેનો હેતુ અને ખાસ લક્ષણો અને સમયાંતરે કેવી રીતે વિકસાવવામાં તેની સમજ પૂરી પાડે. તે પુસ્તકાલયમાં કામ કરતા વ્યાવસાયિકોને તેમના પોતાના ગ્રંથાલયના ઈતિહાસની વધારે સારી મૂલણીનું આત્મભાન થાય તે બાબતમાં શક્તિમાન બનાવે છે.

સંશોધન દ્વારા ગ્રંથપાલ ઈતિહાસકારો વ્યાવસાયના વિકાસની આપણી સમજ પરત્વે ખૂબ જ મોટું યોગદાન આપે છે. આ રીતે તેમની વ્યાવસાયિક પ્રતિબધ્ધતાને પરિપૂર્ણ કરે છે.

જે માત્રામાં લખાયું છે ''તે મુજબ ઈતિહાસએ પુસ્તકાલય અને માહિતી સેવામાં મહત્ત્વની સંશોધન કાર્યપદ્ધતિ છે. પરંતુ તેની લોકપ્રિયતા નાટકીય રીતે તાજેતરનાં વર્ષોમાં ઘટી છે. આ સંશોધન યોજનાઓ કે જે ડોકટરેટ સમિતિઓ દ્વારા સ્વીકારાઈ રહી છે તેના પ્રકારોમાં સ્પષ્ટ છે, આ માટે નિઃશંકરીતે ઘણાં સંભવિત કારણો છે. પરંતુ મુખ્ય કારણ દેખાય છે કેટલીક ડોકટરેટ સમિતિઓ અને લઘુસંશોધન સલાહકારોની વ્યાપક માન્યતા છે કે ઐતિહાસિક સંશોધન એ બરબાદ કરેલા (વેડફી નાખેલ) પ્રયત્નનું પ્રતિનિધિત્વ કરે છે. વધારે ચુસ્ત સમાજ વિજ્ઞાનોમાંથી સ્વીકારેલ પદ્ધતિઓનો ઉપયોગ કરીને સંશોધન પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનમાં સંશોધનની રીત (પ્રકાર) બન્યું છે.'' (શીફલેટ 1984 પાન.387) આ પરિસ્થિતિ આજે પણ સાચી છે. સર્વેક્ષણ પદ્ધતિ ભારતીય પુસ્તકાલય શાળાઓમાં પાર પાડવામાં આવતાં સંશોધનમાં પ્રભુત્વ રાખે છે. એમાં કોઈ શંકા નથી કે સમયાંતરે પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનમાં ઐતિહાસિક સંશોધનની ગુણવત્તા ખૂબ જ સુધરી છે. તે પહેલાં કરતાં સંશોધનના વિવિધ તબક્કાઓએ વૈજ્ઞાનિક પદ્ધતિ સમાવીને વધારે ચુસ્ત બન્યું છે. સંશોધન પ્રશ્નો કે જેના જવાબો માત્ર ભૂતકાળમાં શોધાઈ શકાયા હોય તેના જવાબો માત્ર ભૂતકાળમાં શોધાઈ શકાયા હોય તેના ઉપર આધાર રાખીને અથવા અન્ય કાર્ય પદ્ધતિઓ દ્વારા અપાયેલાં તારણોની ઐતિહાસિક ચકાસણી માટેની જરૂરિયાત ઊભી થાય છે ત્યારે ઐતિહાસિક સંશોધન વધારે યોગ્ય માલુમ પડે છે.

**પુસ્તકાલય ઈતિહાસ :**

ઘણીવાર પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનમાં કરાયેલ ઐતિહાસિક સંશોધનને પુસ્તકાલય ઈતિહાસ કહેવાય છે. તે પ્રસંગોનો હેવાલ કે જે ''કોઈપણ પુસ્તકાલય અથવા પુસ્તકાલયોના જૂથને અસર કરી હોય છે અને તેમના સમાજો ઉપર પુસ્તકાલયોની સામાજિક અને આર્થિક અસરોને અસર કરી હોય છે. એનું ચિપકિયું (લેબલ) છે.'' (બુશા અને હાર્ટર 1980 પાન.93)

શીફલેટના મત મુજબ 'પુસ્તકાલય ઈતિહાસ' એ રંગીન છપાઈવાળું છે જે પુસ્તકાલયો અને માહિતી પદ્ધતિઓ સાથે જોડાયેલ અસંખ્ય મુદ્દાઓને આવરી લે છે. તેનું મુખ્ય સ્વરૂપ પરંપરાગત પુસ્તકાલયના ઈતિહાસનો સમાવેશ કરે છે પરંતુ તે કોઈપણ પ્રવૃત્તિના ઈતિહાસ અથવા પ્રસંગ કે જે પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રનો ભાગ હોય તેનો પણ સમાવેશ કરે છે. સામગ્રીઓના ઉપયોગકારો અને ઉપયોગ, વહીવટ અને રોજગારીની સમસ્યાઓ, ગ્રંથપાલો દ્વારા ગોઠવાયેલ અને સંગ્રહિત સ્રોતોનું ઉત્પાદન અને માહિતી પ્રવૃત્તિઓના સહકારમાં સરકારની ભૂમિકા પુસ્તકાલય ઈતિહાસની કાયદેસરની ચિંતાઓ છે જે રીતે તેઓ સંશોધનમાં અન્ય સ્વરૂપોના સુસંગત (વ્યાજબી) વસ્તુઓ છે. (1984, પાન.388) તે મુદ્દાઓની વિસ્તૃત શ્રેણીની ગણતરી છે જે પુસ્તકાલય ઈતિહાસ હેઠળ આવરી લેવાઈ છે.

એક સમયે, પુસ્તકાલય ઈતિહાસ પણ સંકીર્ણ અર્થમાં અવારનવાર ગણાતો હતો - પુસ્તકાલયોના ઈતિહાસ પૂરતો મર્યાદિત ઉપર આપેલ વ્યાખ્યાઓમાં તે સ્પષ્ટ છે કે હવે તેનું ક્ષેત્ર પુસ્તકાલયોના ઈતિહાસથી તથા ઈતિહાસનાં પુસ્તકો (અન્ય માધ્યમો પણ) અને છપાઈ, સામાજિક સંસ્થા તરીકે પુસ્તકાલયનો ઈતિહાસ, વિવિધ પ્રકારના પ્રલેખોના ઉપયોગનો ઈતિહાસ તેમજ પુસ્તકાલયો વગેરેથી આગળ વધીને અત્યંત વધ્યું છે.

એમાં કોઈ શંકા નથી કે તાજેતરના વર્ષોમાં પુસ્તકાલયો અને માહિતી વિજ્ઞાનમાં ઐતિહાસિક સંશોધનની ગુણવત્તા સુધરી છે.

## 2.6 સંશોધન કાર્યની પ્રક્રિયા (PROCESS OF CONDUCTING RESEARCH) :

ઐતિહાસિક સંશોધન સંચાલનની પ્રક્રિયા એ સંશોધનોના અન્ય પ્રકારો માટે હોય છે એવી જ છે. પ્રક્રિયા નીચેના પગથિયાંનો સમાવેશ કરે છે.

- સંશોધન મુદ્દા અને સંશોધન સમસ્યાની રચનાની ઓળખ
- સંશોધન મુદ્દાની સાથે પાશ્ચાદભૂમિકા માહિતી અને સંદર્ભિક માહિતીનો સંગ્રહ
- જવાબો આપવાના હોય તે પ્રશ્નોની રચના અથવા ઐતિહાસિક ચલો વચ્ચે કારણરૂપ સંબંધો સમજાવવા ઉત્કલ્પનાની રૂપરેખા
- પુરાવા આથવા માહિતી અથવા સાહિત્ય સમીક્ષાનો પદ્ધતિસર સંગ્રહ
- ઐતિહાસિક સ્ત્રોતનું ચૂસ્ત મૂલ્યાંકન (સ્રોતોને પ્રમાણભૂતતા અને તેમના વિષય વસ્તુની પ્રમાણિકતા)
- અર્થઘટન અને
- વર્ણનાત્મક હેવાલમાં સંયોજન

### 2.6.1 સંશોધન મુદ્દા અને સંશોધન સમસ્યાની રૂપરેખાની ઓળખ (Identification of Research Topic and Formulation of Research Problem) :

સંશોધક જેને ઉકેલવાની જરૂર છે એવી અગત્યની ઐતિહાસિક સમસ્યાને સૌ પ્રથમ ઓળખવી જ જોઈએ અથવા જેને વિકસાવવાની જરૂર હોય એવા જ્ઞાનના વિસ્તારને ઓળખી શકે. તે વિશ્વવિદ્યાલય ગ્રંથાલયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ જ્યાં ભૂતકાળની સમજ ભવિષ્ય માટે આયોજન કરવા સત્તાધીશોને શક્તિમાન બનાવશે.

ઐતિહાસિક સમસ્યા ઓળખવા માટે સંશોધકે સંબંધિત પુસ્તકાલય વિષે સંપૂર્ણ જ્ઞાન ધરાવવું જ જોઈએ અને તેને આ ક્ષેત્રમાં રસ પાડે એ જરૂરી હોય છે. મુદ્દો પસંદ કરવામાં તેણે જોવું જોઈએ કે તરત જ ઉપલબ્ધ હોય એવો વ્યાજબી માત્રામાં પૂરાવો હોવો જોઈએ. માહિતીના પર્યાપ્ત સ્રોતોની ઉપલબ્ધતા સારા વર્ણનને ઉત્પન્ન કરવા માટે એક આવશ્યકતા હોય છે.

ઐતિહાસિક સંશોધન મુદ્દાના વિચારો વિવિધ માહિતીના સ્રોતોમાંથી સંશોધક ઉપાડી શકે છે. જેમ કે,

- વર્તમાન મુદ્દાઓ સાથે સંબંધ ધરાવતો પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણ પરનો હેવાલ
- પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાન (ભારત) માટે રાષ્ટ્રીય નીતિની સમાલોચના
- ઈંગ્લેન્ડમાં વિશ્વવિદ્યાલય ગ્રંથાલયોની વૃદ્ધિ અને વિકાસ પર માહિતી ટેક્નોલોજીની અસર
- કેનેડામાં મહાશાળા પુસ્તકાલયોનો વિકાસ : તેમના આધુનિકીકરણ માટે દરખાસ્ત સાથે હેવાલ

### 2.6.2 પાશ્ચાદ્ભૂમિકા માહિતી અથવા સંદર્ભિક માહિતીનો સંગ્રહ (Collection of Background Information or Contextual Information) :

સંશોધન મુદ્દા (મુદ્દાની વ્યાખ્યા કરીને) અને સમસ્યાની રચનાની ઓળખ બાદ, ઉપલબ્ધ સાહિત્યનું સર્વેક્ષણ કરો. આ પગથિયું સંશોધન મુદ્દાને લગતી માહિતી એકત્ર કરવી, માહિતી સ્થાન શોધવું અને માહિતી ઓળખાવી સાથે સંબંધ ધરાવે છે. એકત્રિત કરવાની માહિતીઓનો પ્રકાર, અનુસરવાની ક્રિયાવિધિ અને તે ક્યાંથી એકત્ર કરવી એ તપાસવાના મુદ્દાના પર આધાર રાખે.

પૂરતી પાશ્ચાદ્ભૂમિકા માહિતી અથવા સંદર્ભિક માહિતી એકત્રીત કરવા, કેવી રીતે અગાઉના સંશોધકોએ આજ પ્રકારનું સંશોધન કર્યું છે તે શોધવા, તેઓએ કયા સ્રોતો અને સંશોધન ક્રિયા પદ્ધતિ અપનાવી તે શોધવા સામાન્ય રીતે દ્વિતીય સ્રોતોથી શરૂ કરો. ઐતિહાસિક માહિતીઓનો પ્રત્યેક દ્વિતીય સ્રોત વાઙ્મયસૂચીય સાધનોનો સમાવેશ કરીને અન્ય સ્રોતોનું સૂચન કરે છે. આ નીચે પ્રમાણે છે.

- વ્યક્તિ વૃષાંત, સામયિક લેખો.
- વાગ્મયસૂચીય સાધનો : પુસ્તકાલય સૂચિપત્રો, વાગ્મયસૂચીઓ, નિર્દેશીકરણ અને સંક્ષેપકરણ સેવાઓ સંશોધન માર્ગદર્શિકાઓ વાગ્મયસૂચિઓની વાગ્મયસૂચી વગેરે અને
- સંદર્ભ સ્ત્રોતોઃ સર્વજ્ઞાન સંગ્રહો (જ્ઞાનકોષો) શબ્દકોષો, વર્ષપોથીઓ (....) અને વાર્ષિકો વગેરે.

ઈતિહાસએ પ્રાથમિક રીતે લેખિત અથવા છાપેલા સ્ત્રોતોના અભ્યાસ પર આધારિત હોય છે. હવે વિજાણૂય સ્ત્રોતોનું પૂર છે. તે પૈકી ઘણા ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે. પ્રકારોની રીતે, તેઓને પ્રાથમિક, દ્વૈતીયક અને તૃતીય સ્ત્રોતો તરીકે વર્ગીકૃત કરાય છે. આ પ્રકાશિત સ્ત્રોતો હોય, હસ્તપ્રતો અથવા બિન-છપાઈ સામગ્રીઓ.

**પ્રાથમિક સ્ત્રોતો :**

પ્રાથમિક સ્ત્રોત એ પ્રલેખ છે જે સંશોધક દ્વારા તપાસ કરાયેલ મુદ્દા ઉપર મૌલિક અભિવ્યક્તિનો સમાવેશ કરે છે. આ પૂરાવાનો સમાવેશ કરે છે કે જે અવલોકનકારો અને ભાગ લેનારાઓ દ્વારા વર્ણન કરાયા મુજબ તપાસણી હેઠળના પ્રસંગની નીકટતમ હોય છે. ''પ્રાથમિક સ્ત્રોતો એવી માહિતીઓનું પ્રતિનિધિત્વ કરે છે કે ઐતિહાસિક બનાવની નીકટતમ પડી રહે છે. તેઓ પ્રત્યક્ષસાક્ષીઓના પૂરાવા, એક અથવા વધારે જ્ઞાનેન્દ્રિયો સાથે કરાયેલ અથવા કેટલાક યાંત્રિક સાધન દ્વારા કરાયેલાં અવલોકનોનો સમાવેશ કરવા માટે ગણાય છે. મોટાભાગનાં કિસ્સાઓમાં, પ્રાથમિક સ્ત્રોતોએ લેખિત નોંધ છે કે જેનું લેખકે વાસ્તવિક રીતે અવલોકન કર્યું અથવા તેના વિચારોની પ્રથમદર્શી અભિવ્યક્તિ (પોવેલ 1991, પાન-139) આ રીતે, તે બનાવનું પ્રત્યક્ષ સમાવેશ ધારણ કરે છે જેમ કે રોજનીશીઓ, પત્રો, ભાષણો, અને એવી વ્યક્તિની મુલાકાત કે જેણે વ્યક્તિગત રીતે બનાવને અનુભવ્યો હોય, અસલ નકશો વગેરે તે નકલ રીપેકેજ અથવા મૂળનો સારાંશ નથી. પ્રાથમિક પ્રલેખ તરીકે ખાસ સ્ત્રોત ઓળખવાનો પાયાગત માપદંડ છે, માત્ર પૂછો - ''શું તે પ્રથમદર્શી હેવાલ છે ?''

આ નીચેની બાબતોનો સમાવેશ કરે છે.

- બનાવો/પ્રસંગો દ્વારા જ ઉત્પન્ન કરાયેલ પ્રલેખો જેવા કે દફતરીય નોંધો (સરકારી, સંસ્થાકીય, વ્યાણિજિયક ધર્મોપદેશને લગતું વગેરે) આંતરિક પત્રો અને આવેદન પત્રો, ભાષણો, સારાંશો અથવા પરિષદો અને સભાઓની કાર્યવાહી નોંધ, લોકોની છબીઓ, ઈમારતો અને સાધન, અંકશાસ્ત્રીય માહિતી (જેવી કે ટેલી કાગળો અને સર્વેક્ષણો) શેર લે વેચાણની યાદીઓ (સમાન, સાઘન વગેરે) અને હેવાલો અને વિધાનો (વિશેષ કાર્ય વિધાનો, કર્મચારીઓની માર્ગદર્શક રેખાઓ, કાયદાઓ અને નિયમો વગેરે)
- બનાવોની તરત જ નોંધ કરવા ઉત્પાદિત પ્રલેખો જેવા કે તવારીખો, રોજનીશીઓ, પત્રકારો, દ્વારા ઉત્પાદિત હેવાલો અને તેમના દ્વારા સંચાલિત મુલાકાતો, ચિત્રકામ અને છબીઓ, ચલચિત્રો, ટેપ રેકોર્ડીંગ અને વીડીયો રેકોર્ડીંગ.
- ખૂબ મોડેથી મૌખિક સ્ત્રોતો, મૌખિક પરંપરાઓ અને લોકગીતો, ભાષાઓ પોતે જ, લોક કથાઓ, લોક વાર્તાઓ સ્વરૂપમાં ઉત્પાદિત પૂરક સ્વરૂપોમાં પ્રલેખો સારા સ્ત્રોતો છે. અને
- સુશોભન ચીજો અથવા વાસ્તવિક ચીજો જેવા કે કોતરકામો, મુદ્રાઓ, સિક્કાઓ, ચંદ્રકો, ચિત્રકામ, ચિત્રો, સ્મારકોના અવશેષો.

**દ્વિતીય સ્ત્રોતો :**

દ્વિતીય સ્ત્રોત એ એ છે જે પ્રાથમિક સ્ત્રોતમાંથી ઉતરી આવ્યો છે અથવા સર્જાયો

છે. (પ્રથમ હેવાલ અપાયેલ બનાવનો અભ્યાસ કરાતો હોય) તે માહિતીઓના સંગ્રહના આધારો તરીકે પ્રાથમિક અથવા દ્વિતીય સ્ત્રોતોના ઉપયોગના આધારે બનાવોનો હેવાલ આપે છે. તે જે વ્યક્તિએ પ્રત્યક્ષ રીતે બનાવ, વસ્તુ કે પરિસ્થિતિનું અવલોકન ન કર્યું હોય તેના દ્વારા હેવાલ અપાયેલ માહિતીનો સમાવેશ કરે છે. (કી 1997 પાન.1) આ રીતે આ પ્રત્યક્ષ અવલોકન કરનાર અથવા બનાવોમાં ભાગ લેનાર સિવાયની વ્યક્તિ દ્વારા બનાવોનો હેવાલ રજૂ કરે છે. આ પ્રાથમિક સ્ત્રોતો કરતાં ઓછા ઉપયોગી ગણાય છે.

દ્વિતીય સ્ત્રોત એ સમય, સ્થળ અથવા લેખકપણાના સંદર્ભમાં એક કે બે પગથિયાં દૂક કરાયેલા હોય. સ્ત્રોત એ તપાસણી હેઠળ વાસ્તવિક બનાવની તેની સમીપતા પર આધાર રાખીને પ્રથમ કે દ્વિતીય સ્ત્રોત બને છે. (પોવેલ 1991 પાન.140)

દ્વિતીય સ્ત્રોતનાં ઉદાહરણો નીચે આપ્યાં છે.

- પાઠ્યપુસ્તકો
- સર્વજ્ઞાન સંગ્રહો
- વ્યક્તિ વૃત્તાંતો/પ્રબંધો
- સામયિકોમાં લેખો

મૂળ પ્રલેખની નકલએ દ્વિતીય સ્ત્રોત છે કારણ કે પ્રમાણભૂત કદાચ ન હોય. મૂળ લેખમાંથી નકલ કરતાં કેટલીક ભૂલો ઈરાદાપૂર્વક કે બિનઈરાદાપૂર્વક બની શકે. મૂળ નકલમાં સંપાદન અથવા અર્થઘટન દ્વારા નકલ કરવાના તબક્કે સુધારા વધારા થાય.

**તૃતીય સ્ત્રોતો :**

આ સ્ત્રોતોમાં વાગ્મયસૂચિઓ, સૂચિપત્રો, નિર્દેશો કે જે સંશોધકોને પ્રાથમિક અને દ્વૈતિયક સ્ત્રોતો માટે માર્ગદર્શન આપે એનો સમાવેશ થાય છે.

**પ્રાથમિક સ્ત્રોતોની અગત્ય :**

સંશોધકો દ્વૈતીયક અને તૃતીય સ્ત્રોતોની તુલનામાં પ્રાથમિક સ્ત્રોતો વધારે ઉપયોગી ગણે છે અને તેઓ તેમનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે.

**પ્રાથમિક સ્ત્રોતોનો ઉપયોગ :**

પ્રાથમિક સ્ત્રોત પૂરાવો અથવા પ્રત્યક્ષ સાક્ષીઓ અથવા માનવ જ્ઞાનેન્દ્રિયો અથવા યાંત્રિક સાધન દ્વારા કરાયેલાં અવલોકનોના આધારે માહિતીઓનો ઉપયોગ કરવાની પરવાનગી આપે છે. આ રીતે, આ પ્રથમદર્શી હેવાલ રજૂ કરતા મૂળ સ્ત્રોતો છે. આ સંશોધક દ્વારા તપાસણી કરાતા મુદ્દા વિષે મૂળ વિધાનનો સમાવેશ કરે છે. આ એવા સ્ત્રોતો છે જેણે અભ્યાસ કરાતા બનાવનો સૌ પ્રથમ હેવાલ આપ્યો હતો.

(1) અભ્યાસની વિશ્વસનીયતાને મજબૂત બનાવે છે.

(2) સુસંગત તારણો પર આવવા માટે મજબૂત પાયો પૂરો પાડે છે.

(3) ઐતિહાસિક અર્થઘટન માટે કાચી સામગ્રી તરીકે સેવા આપાતી ઐતિહાસિક માહિતીઓ પૂરી પાડે છે.

(4) અભ્યાસની અભિન્નતાની ખાતરી આપે છે.

અનુભવ દર્શાવે છે કે ઘણીવાર ઈતિહાસકાર તેના સંશોધનને સંપૂર્ણ રીતે પ્રાથમિક સ્ત્રોતો ઉપર આધાર બનાવી ન શકે. પોવેલના મત મુજબ, ''વાસ્તવમાં દ્વિતીય સ્ત્રોતો બીજે ઉપલબ્ધ ન હોય એવી અગત્યની માહિતી અથવા કાલ્પનિક વિકાસને પૂરો પાડે. પરંતુ દ્વિતીય સ્ત્રોતો 'પ્રત્યક્ષસાક્ષી' હેવાલો રજૂ કરતા નથી તે કારણથી સંશોધકોએ તેમના મનમાં તેમની મર્યાદાઓ ધ્યાનમાં રાખવી જોઈએ અને આવી સામગ્રી પર અતિવિશ્વાસ નિવારવો જોઈએ. દ્વિતીય સ્ત્રોતો કદાચ માહિતીના પ્રાથમિક સ્ત્રોતો વચ્ચે અંતરાલ પૂરવામાં અથવા પરિવેશ ગોઠવણી માટે સૌથી શ્રેષ્ઠ રીતે ઉપયોગમાં લેવાય છે.'' (પોવેલ 1991, પાન.140)

દ્વિતીય સ્ત્રોતએ સ્થળ, સમય અથવા લેખકપણાના સંદર્ભમાં પ્રાથમિક સ્ત્રોતથી એક કે બે પગથિયાં દૂર કરાય. માત્ર શક્ય, દ્વિતીય સ્ત્રોતા (મૂળ પ્રલેખમાંથી ઉત્પાદિત નકલ)એ પ્રમાણભૂત સ્ત્રોત ન હોય. મૂળ પ્રલેખોમાંથી નકલ કરતાં, અમુક ભૂલો શરત ચૂક દ્વારા પ્રવેશી શકે. મૂળ નકલને સંપાદન અથવા અર્થઘટન દ્વારા સુધારા વધારા કરાયા હોય.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

3. ઐતિહાસિક સંશોધન સંચાલનમાં સમાવિષ્ટ સોપાનો કયાં છે ?

4. સંશોધક માહિતીના પ્રાથમિક સ્ત્રોતની તુલનામાં દ્વિતીય સ્ત્રોતને શાથી પસંદ કરતો નથી ?

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

2. એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

### 2.6.3 ઉત્કલ્પના ઉત્કલ્પનાઓનું નિર્માણ (નિરૂપણ) (Formulation of Hypothesisces) :

ઐતિહાસિક ઘટનાના અભ્યાસમાં, ઘણા પ્રશ્નો ઉદ્‌ભવે કે જેના ઉત્તરો શોધવાનું આપણને ન ગમે. આ પ્રશ્નોના જવાબોની જાણકારી આપણને જ્ઞાનવાન બનાવે છે.

જેનો અભ્યાસ કરાવાનો હોય તે બનાવ કદાચ હોય, ‘‘તમિલનાડુ (ભારત)ના રાજ્યમાં જાહેર પુસ્તકાલય ચળવળ’’ 1950થી આજુબાજુ શરૂ થઈ. શા માટે એ વિલંબિત થઈ ? શું તે રાજકીય ઈચ્છાશક્તિના અભાવના કારણે હતી ? શું તે લોકકલ્યાણના અભાવને લીધે હતી ? શું તે જાહેર પ્રજા દ્વારા મુખ્યત્વે ઉપયોગમાં લેવાતી ભાષામાં પર્યાપ્ત પ્રકાશિત સાહિત્યના અભાવને લીધે હતી ? શું તે નાણાકીય સ્ત્રોતોની અછતના લીધે હતી ? શું તે પર્યાપ્ત સાક્ષર વસ્તિના અભાવને લીધે હતી ? શું તે મુક્ત જાહેર ગ્રંથાલયોમાં પ્રવેશ મેળવવાના તેમના હક્ક વિષે જાહેર પ્રજાના પક્ષે અવબોધનની ઉણપના લીધે હતી ?

ડો. એસ.આર. રંગનાથન બે દસકાઓ કરતાં વધારે સમય માટે મદ્રાસ વિશ્વવિદ્યાલય ગ્રંથાલયના ગ્રંથપાલ હતા. તે મહાન ગ્રંથાલયના નિર્માણમાં સફળ થયા. આમ છતાં, શક્તિ રાજકારણને લીધે, તેઓને તેમની નિવૃત્તિ પહેલાં રાજીનામું આપવા દબાણ કરાયું. રંગનાથનના યોગદાનના ઐતિહાસિક અભ્યાસમાં, કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવે તેઓ નીચે આપેલા છે.

- તે અન્ય ઉમેદવારોની ઉપર ગ્રંથપાલ તરીકે શાથી પસંદ કરાય હતા ?
- પસંદગીમાં વિશ્વવિદ્યાલયના તત્કાલીન ઉપકુલપતિ અને પુસ્તકાલય સમિતિના પ્રમુખની ભૂમિકા શું હતી ?
- વિશ્વવિદ્યાલય પુસ્તકાલયના વિકાસમાં તેમનું મુખ્ય યોગદાન શું હતું ?
- શૈક્ષણિક પર્યાવરણ પર પ્રભાવ કરનાર જ્ઞાતિ રેખાઓ આધારિત ગંદા રાજકરણની ઉપસ્થિતિ છતાં તે કેવી રીતે સફળ થયા ?
- તેમની મુખ્ય સફળતાઓ અને નિષ્ફળતાઓ શી હતી ?
- શક્તિ રાજકરણમાં કયા પ્રસંગો હતો કે રંગનાથનના રાજીનામાં સુધી દોરી ગયા ?

ઉત્કલ્પનાઓનો ઉપયોગ નીચે આપ્યા મુજબના ઉપયોગી હેતુઓ બજાવે છે.

- તે સંશોધનની વસ્તુલક્ષીતા વધારે છે.
- તે સંશોધકના પૂર્વગ્રહનો લઘુત્તમ બનાવે છે.
- ઈતિહાસકારને ઘણીવાર માહિતીઓની વિશાળ માત્રાનો પ્રવેશ હોય. આ માહિતીઓનું સંચાલન કરવાનું કઠીન સાબિત થાય એમ હોય જો તે તેના સંશોધન માટે કઈ માહિતી પ્રસ્તુત છે અને કઈ અપ્રસ્તુત છે તે નક્કી કરવા શક્તિમાન ન હોય તો ઉત્કલ્પના માહિતીઓના અર્થઘટન, પ્રથક્કરણ અને સંગ્રહના પ્રત્યેક તબક્કે કઈ માહિતી પ્રસ્તુત છે અને કઈ નથી તે નક્કી કરવા માટે તેને માર્ગદર્શક રેખાઓ પૂરી પાડે છે. આમ, માહિતી એકત્ર કરવા વ્યક્તિ વ્યુહો વિકસાવી શકે.
- તે એકબીજાના સંબંધમાં વિવિધ પરિબળોને ઓળખવા માટે આધાર પૂરો પાડે છે અને તેમનું સામન્યીકરણો અથવાં તારણોમાં સંયોજન કરવાનો પણ આધાર પૂરો પાડે છે.
- કઠીન અભ્યાસોનું સંચાલન કરવા સહાય તરીકે તે ઉપયોગી હેતુ બજાવે છે.
- ઉત્કલ્પનાઓનું નિર્માણ/નિરૂપણ (જ્યારે યોગ્ય) ઐતિહાસિક ચલો વચ્ચે સંબંધો સમજાવવા ચકાસણી કરવી એ કેન્દ્રવર્તી પ્રશ્ન છે જેની આજુબાજુ ઉત્કલ્પનાની સાબિતી આપવા કે સાબિતી ના આપવા પૂરાવો ગોઠવાય છે અને રજૂ પણ કરાય છે. સંશોધકે માત્ર એ પ્રકારની માહિતી કે જે ઉત્કલ્પનાને સાબિત કરે છે તે જ માત્ર પસંદ કરવી કે રજૂ કરવી ન જોઈએ પણ તપાસણી કરનારી સમસ્યાની તમામ બાબતોને આવરી લઈ તેને ઉપલબ્ધ તમામ માહિતી તપાસવા જરા જાગરૂક પ્રયત્ન કરવો જોઈએ.

ધ્યાનમાં રાખો કે ઉત્કલ્પનાની રેખાઓ કે જેને રસ્તે સંશોધકને માહિતી એકત્ર કરવાની જરૂર છે કે જેથી ઉત્કલ્પનાને પ્રસ્તુત ન હોય એવી માહિતી એકત્ર કરવામાં વેડફી નાખવાના પ્રયત્નો નિવારવા માટે (રેખાઓ) દોરવા શક્તિમાન બનાવે છે. કોઈ કિસ્સામાં, ઉત્કલ્પનાનું નિર્માણ યોગ્ય ન હોય તો પછી વ્યક્તિએ પ્રશ્નોની રચના કરવી જોઈએ. ઉપર દર્શાવેલ માર્ગદર્શક રેખાઓ ઉત્કલ્પનાને બદલે પ્રશ્નો રચાયા હોય ત્યારે સમાન રીતે લાગુ પડાય છે.

એમાં કોઈ શંકા નથી કે સંશોધનોના અન્ય પ્રકારો કરતાં ઐતિહાસિક ઉત્કલ્પનાની ચકાસણી કરવી વધારે મુશ્કેલ હોય છે. આ એવા કારણથી છે કે ઐતિહાસિક ઉત્કલ્પનાએ સ્વરૂપમાં ex. Post Facto ગણાય છે. તપાસણી થતા બનાવો ખરેખર બન્યા છે. આથી સંશોધકનો ચલો ઉપર અંકુશ રહેતો નથી. તે તેમાં દોરી સંચાર કરી શકતો નથી. તે ઘટનાનું પુનરાવર્તન કરવું અથવા પુનઃભજવણી કરવી શકાય નથી. તે માત્ર ભૂતકાળમાં બનેલી ઘટનાને સંબંધિત ઉપલબ્ધ માહિતીનું માત્ર અર્થઘટન કરી શકે છે. પરિણામે આકસ્મિકતાની ઘટનાનો અભ્યાસ ઉપયોગી હોવા છતાં જટીલ બને છે અને તેનો સંબંધ રાખવો કઠીન બને છે. આકસ્મિકતા બળોની વિચારણા સંશોધકને અભ્યાસના વર્ણનના અભ્યાસથી આગળ ચલો વચ્ચેનાં અમુક સંબંધો ત્યાં શા માટે દેખાય છે એ બાબતની વિચારણા તરફ લઈ જાય છે.

### 2.6.4 પુરાવા અથવા માહિતી અથવા સાહિત્ય સમીષાનો પદ્ધતિસર સંગ્રહ (Systematic Collection of Envidnce or Data or Literature Review) :

ઈતિહાસની કૃતિ ઉત્પન્ન કરવા, ઈતિહાસકાર માહિતીની પસંદગી, મૂલ્યાંકન, અર્થઘટન, અને સંયોજનનો સમાવેશ કરતાં પગથિયાં વર્ણનાત્મક વિવરણમાં હાથ ધરે છે. અહીં આપણે પૂરાવા અથવા માહિતીના સંગ્રહ સાથે સંબંધ ધરાવીએ છીએ. પ્રાથમિક સ્રોતના એકત્રીકરણ (પ્રથમદર્શી) પૂરાવો એ સૌથી મુશ્કેલ કામ છે.

સ્રોતોની પસંદગી એ ખાસ કરીને તાજેતરના ઈતિહાસ માટે આવશ્યક પગથિયું છે. પસંદગીને ધ્યાન પર લેવાઈ રહી છે. ''સંશોધકની વિશિષ્ટ સમસ્યાનું સ્વરૂપ અને પ્રસ્તુતતા અને અગત્યનો માપદંડ કે જે તેની ઉત્કલ્પનામાંથી ઉતરી આવે છે. પસંદગી વાગ્મયસૂચોટા સાધનો અને અસ્તિત્વમાન દ્વિતીય કાર્યોના ઉપયોગ વડે સરળ બનાવાય છે પરંતુ ઈતિહાસકારો માને છે કે તાજો (પ્રવર્તમાન) મુદ્દો આમ છતાં સામગ્રીના જથ્થાને પચાવવા અને સમગ્ર રીતે ચકાસવા તૈયાર હોવું જ જોઈએ. જેમાં મોટા ભાગનું કાર્યમાં પ્રત્યક્ષ રીતે દેખાશે નહીં.'' (ડેનીયલ્સ 1996 પાન.228)

પુસ્તકાલયો સંચાલનના આંકડાઓની નોંધો એકત્ર કરવામાં અને જાળવી રાખવામાં હોશિયાર હોય છે. પરંતુ એવી નોંધો કે જે પુસ્તકાલય ઈતિહાસને અર્થપૂર્ણ અને રસપ્રદ બનાવવા જરૂરી છે તેઓ ઘણીવાર અછત/ઉણપ ધરાવે છે. જો કોઈ ઈતિહાસકાર મદ્રાસ વિશ્વવિદ્યાલય પુસ્તકાલયમાં કે જ્યાં તેમણે બે દસકાઓથી વધારે ગ્રંથપાલ તરીકે હતા. ડો. એસ.આર. રંગનાથનના જીવનચરિત્રીય વર્તન માટે નોંધોની શોધ કરી રહ્યો હોય તો પછી તે તેમના વિષે આછી પાતળી દફતર સંગ્રહો જ માત્ર મેળવે. આ જ પ્રકારનો કિસ્સો અન્ય પુસ્તકાલયો સાથે હોય છે. ખાસ કરીને પુસ્તકાલય ઈતિહાસકારોના રસના દફતર સંગ્રહોના સંબંધમાં. આવા સ્વરૂપની નોંધો કાંતો ખોવાઈ ગઈ છે અથવા સારી રીતે જળવાઈ નથી. મૌખિક ઈતિહાસનું ઉત્પાદન કરવા તાજેતરની ઉત્પત્તિના મુદ્દાઓ વિષે પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનના શિક્ષકો અને ગ્રંથપાલોની મુલાકાતો અંતરાલ ગેપ ભરવા માટે ઉપયોગી થઈ શકે.

### 2.6.5 ઐતિહાસિક સ્રોતોનું ચુસ્ત મૂલ્યાંકન (Rigorous Evalution of Historical Resources) :

ઈતિહાસકાર દ્વારા ઉપયોગમાં લેવાયેલ માહિતી સામાન્ય રીતે પૂરાવો કહેવાય છે. તે સ્વરૂપમાં જટીલ હોય છે અને સામાન્ય રીતે જથ્થામાં વિશાળ હોય છે. ઈતિહાસકાર પ્રસ્તુત માહિતીની ચકાસણી કરવામાં અત્યંત માત્રામાં સમય વ્યતીત કરે છે. તે તેને સંકીર્ણ બનાવે છે. તેને કાળજીપૂર્વક પસંદ કરીને ઘણીવાર પૂરાવો ચકાસણીના તબક્કે આશ્ચર્ય રજૂ કરે છે.

ઐતિહાસિક સ્રોતોની ગુણવત્તા અત્યંત વિવિધ હોય છે. ખાસ કરીને ઈન્ટરનેટ સ્રોતો માહિતી સ્રોતને પૂરાવા તરીકે ઉપયોગમાં લેવાતાં પહેલાં પ્રમાણભૂતતા અને ચોકસાઈ માટે મૂલ્યાંકન કરાવવું. જે વાંકે, આર્થિક, રાજકીય, નૈતિક અને સામાજિક પર્યાવરણ તથા વ્યક્તિગત ગમા, અણગમા અને પૂર્વગ્રહો દ્વારા પ્રભાવિત થાય છે. પ્રકાશિત સ્રોતો જેવા કે પુસ્તકો અને સામયિકો સામાન્ય રીતે માહિતી ચકાસણી પાર કરે છે. આ સંઘસમાલોચના અને સંપાદનનો સમાવેશ કરે છે. પ્રશ્ન એ બાબતમાં ઊભો થાય છે કે તેના સંશોધન કાર્ય માટે તેના દ્વારા ઉપયોગમાં લેવાતો માહિતી સ્રોત યોગ્ય છે કે નહીં. સ્રોતોનો ઉપયોગ કરતાં પહેલાં, તેણે સ્રોત ઈન્ટરનેટ સ્રોત છે કે અન્ય સ્રોત છે કે કેમ તેની ગણતરી કર્યા વિના આ સ્રોતોનું મૂલ્યાંકન કરવું જ જોઈએ.

સંશોધકને જો તેના દ્વારા ઉપયોગમાં લેવાતા સ્રોતો જાણવું ગમશે

- તેના સંશોધનને સંબંધ (પ્રસ્તુત) (એટલે કે તેના સંશોધન કાર્ય માટે યોગ્ય)
- ઉપયોગી (તેનો હેતુ સરવા પૂરતી માત્રામાં) અને
- કાર્યક્ષમ (સાચા, ચોકસાઈપૂર્ણ અને વિશ્વાસપાત્ર)

**અભિગમ-1**

મૂલ્યાંકન માટે, વ્યક્તિ નીચેના માનદંડોનો ઉપયોગ કરે.

- પ્રભુત્ત્વ

- ક્ષેત્ર (વ્યાપ)
- અદ્યતનપણું
- વિશ્વસનીયતા અને
- વસ્તુલક્ષીતા

**<u>પ્રભુત્વ</u>:**

સ્રોતનો વિકાસકાસ કે ગ્રંથકાર કોણ છે ? સંબંધિત ક્ષેત્રમાં તેની લાયકાતો અને અનુભવ શું છે ? સાઈટના ઉત્પાદક કે પ્રકાશક કોણ છે ? તેની શાખા શું છે ? તેની કલમ અથવા / અને વાઙ્મયસૂચિઓ આપીને કેવી રીતે માહિતી એકઠી કરાઈ છે તે શોધી કાઢો ?

**<u>વ્યાપ/ક્ષેત્ર</u> :**

કયા મુદ્દાઓ આવરી લેવાયા છે ? મુદ્દાઓના આવરણની માત્રા શું છે ? (ઊંડાણપૂર્વક અથવા વિસ્તૃત રીતે)

**<u>અદ્યતનપણું</u>:**

સ્રોતની વિગતો કેટલી અદ્યતન છે ? શું પ્રકાશનની તારીખ અપાઈ છે ?

ઈન્ટરનેટ સ્રોતના કિસ્સામાં, તે લેખનની તારીખ સૂચવે અથવા તેને છેલ્લે ક્યારે અદ્યતન કરાઈ હતી અથવા માહિતી સંગ્રહ ક્યારે કાર્યોન્વિત કરાયો હતો ?

**<u>વિશ્વસનીયતા</u> :**

માહિતી ક્યાં સુધી વિશ્વસનીય અને ભૂલોથી મુક્ત છે ? ઈન્ટરનેટ સ્રોતોની સામાન્ય રીતે સંપાદકો દ્વારા ચકાસણી થતી નથી અને નિર્ણાયકો દ્વારા મૂલ્યાંકન થતું નથી. આ રીતે, બિનચોકસાઈ બને એવી મોટી સંભાવના હોય છે.

**<u>વસ્તુલક્ષીતા</u>:**

શોધી કાઢો કે માહિતીની રજૂઆતમાં કોઈ પૂર્વગ્રહ છે કે કેમ ? અમુક વિચારસરણી અથવા વિચારોની શાખા પરત્વે વાચકોના અભિપ્રાયને પ્રભાવિત કરવાનો પ્રયત્ન થયો છે ?

**તારણ :**

સંશોધકે પરંપરાગત છાપેલા સ્રોતો તથા ઈન્ટરનેટ સ્રોતોના સમાવેશ સાથે વિવિધ સ્રોતોનો ઉપયોગ કરવો જ જોઈએ. આમ છતાં, તેના દ્વારા ઉપયોગમાં લેવાયેલ તમામ પ્રકારના સ્રોતો પરત્વે ઉપર વર્ણન કર્યા મુજબના માનદંડો લગાડવા જ જોઈએ.

**<u>અભિગમ-2</u>**

ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે, ઐતિહાસિક પૂરાવો એકત્ર કરવાની પ્રક્રિયામાં, સંશોધકને પ્રમાણભૂતતા અને ચોકસાઈ માટે ઉપયોગમાં લેવાતા પ્રલેખોનું સતત મૂલ્યાંકન કરવાની જરૂર હોય છે. ઐતિહાસિક પ્રલેખોની ચોકસાઈ અને પ્રમાણભૂતતા નિશ્ચિત કરવા માટે ઈતિહાસકારોને દ્વારા ઉપયોગમાં લેવાતો અન્ય અભિગમ પાઠ્યપુસ્તકીય આલોચનાની રચના કરે છે. પાઠ્યપુસ્તકીય આલોચના વિસ્તૃતરૂપે બે જૂથોનો સમાવેશ કરે છે જેમ કે બાહ્ય આલોચનો આંતરિક આલોચના ઐતિહાસિક આલોચના. ઈતિહાસકારને ઐતિહાસિક સ્રોતમાં છેતરપીંડી ખુલ્લી કરવા, અંતર્ગત ખામીઓ (જેવી કે ઈરાદાપૂર્વકનો પૂર્વગ્રહ અથવા છેતરપીંડી, નિર્ણય ભૂલો અથવા યાદશક્તિ ભૂલો, પૂરાવાની અપૂર્ણતા) ઓળખવા શક્તિમાન બનાવે છે.

**બાહ્ય આલોચના/સમીક્ષા :**

આ સ્રોતની પ્રમાણતા, વિશ્વસનીયતા અથવા પ્રમાણભૂતતાના નિશ્ચિતતાનો સમાવેશ કરે છે. (જહોનસર ભાષણો, પ્રકરણ-12 પાન.5) આ ઐતિહાસિક પ્રલેખોને બહારની બાજુથી તપાસવા સાથે સંબંધિત છે જેથી તેની પ્રમાણભૂતતા

પ્રસ્થાપિત થાય. પૂછવાનો પ્રશ્ન છે, "શું તે જે કરવા ધારેલું તે છે ?" ઘણીવાર, આ હસ્તલેખનના પૃથક્કરણઅથવા કાગળનો યુગ નિશ્ચિત કરવા માટે ઉપયોગમાં લેવાતા કાર્બન 14 કસોટી પાર પાડીને કરી શકાય છે. કાર્બન 14 કસોટી ઈન્ટરસ્રોતો માટે લાગુ કરી શકાય નહીં.

પૂરાવાની પ્રમાણભૂતતા સ્થાપિત કરવા, સંશોધક સ્રોતની પ્રમાણતા અને સત્યતાની કસોટી કરે છે. પૂછવાનો પ્રશ્ન છે શું તે ખરેખર જે દેખાય છે તે છે અથવા જે હોવાનો દાવો કરે છે તે છે ? શું આપણે તેનો પૂરાવા તરીકે ઉપયોગ કરી શકીએ ?

પ્રલેખ અથવા અવશેષની સત્યતા સ્થાપિત કરવા, નીચેના પ્રશ્નો પૂછાય. (કી 1997, પાન.2)

- શું ભાષા અને લેખન શૈલી તે સમયગાળાને અનુરૂપ છે અને શું તે લખકની અન્યકૃતિઓના પ્રકારની છે ?
- એવો કોઈ પૂરાવો છે કે લેખક વસ્તુઓ અથવા બનાવોની અજ્ઞાતના દર્શાવે છે. વસ્તુઓ અથવા બનાવોની તાલીમ અને સમય જણાવો જોઈએ.
- શું તેણે વસ્તુઓ, બનાવો અથવા સ્થળો કે જેઓ આ સમય દરમિયાન જાણી શકાયા ન હતા તેનો હેવાલ આપ્યો ?
- શું નકલ કરવામાં મૂળ હસ્તપ્રતમાં કાંતો ઈરાદાપૂર્વક અથવા બિનઈરાદાપૂર્વક ફેરફાર કરાયો છે ?
- શું પ્રલેખમૂળ મુસદ્દો છે કે નકલ ? જો તે નકલ હોય તો, શું તે મૂળ મુસદ્દાના ચોક્કસ શબ્દોમાં ઉત્પાદિત કરાઈ છે ?
- જો હસ્તપ્રતમાં તારીખ ન હોય અથવા અજ્ઞાત હોય તો, તેના ઉત્પત્તિની બાબતમાં આંતરિક રીતે કોઈ સંકેતો છે ?
- સ્રોતની પ્રમાણભૂતતાનું મૂલ્યાંકન કરવા, સંશોધક નીચેની પ્રયુક્તિઓનો ઉપયોગ કરે.
- વાગ્મયસૂચીય પ્રયુક્તિ (વાગ્મયસૂચીય પૃથક્કરણ)
- સહાયક વિદ્યાશાખાઓ જેવી કે ભાષા શાસ્ત્ર, પુરાલેખ વિદ્યા (પાઠ્યપુસ્તક પૃથક્કરણ)માંથી લેવાયેલ પ્રયુક્તિઓ પ્રલેખની પ્રયુક્તિઓ જેવી કે રસાયણશાસ્ત્ર (કાગળ અને સહીનું રાસાયણિક પૃથક્કરણ) સ્રોતમાં ઉપયોગમાં લેવાયેલ કાગળનો યુગ નક્કી કરવા કાગળ ઉપર કાર્બન 14 કસોટી ઉપયોગમાં લેવાય છે. રાસાયણિક પૃથક્કરણ ઈન્ટરનેટ સ્રોતો માટે લાગુ કરાતા હોતા નથી.

ઉપરની પ્રયુક્તિઓનો ઉપયોગ વ્યાજબી માત્રાના વિશ્વાસ સાથે સંશોધકને સૂચવશે કે કોઈ ખાસ સ્રોત પ્રમાણભૂત છે કે નહીં. આમ છતાં, કોઈ વ્યક્તિ તેની પ્રમાણભૂતતા સાબિત કરવા અશક્તિમાન હોય છે.

**આંતરિક સમીક્ષા (સમાલોચના) :**

સ્રોતની પ્રમાણભૂતતા થયા બાદ, પછી તેની ચોકસાઈ માટે કસોટી કરાય છે (બીજા શબ્દોમાં ન્યાય સંગતતા અને સાતત્ય) આંતરિક સમીક્ષા સ્રોતમાં સમાવિષ્ટ માહિતીની ચોક્કસતા અથવા વિશ્વનિયતાની નિશ્ચિતતાનો સમાવેશ કરે છે.''તે લેખકની કાર્યક્ષમતા અને પ્રમાણિકતા અને પ્રલેખની ઉત્પત્તિના પ્રસંગને સમાવિષ્ટ કરતા પ્રલેખની ચોકસાઈ સાથે સંબંધિત છે."(ગોલધોર 1969 પાન.103) હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે લેખક કાર્યક્ષમ પ્રામણિક અને વસ્તુલક્ષી (બિનપૂર્વગ્રહવાળો) હતો કે કેમ ઘટના બન્યા પછી કેટલા સમય પછી તેનો હેવાલ અપાયો ? શું બનાવના સાક્ષી દ્વારા હેવાલ અપાયેલ અન્ય સાક્ષીઓ દ્વારા અપાયેલ હેવાલો સાથે સમરૂપ છે ?

આંતરિક સમીક્ષા હકારાત્મક અને નકારાત્મક અને નકારાત્મક સમીક્ષાનો ઉપયોગ કરીને પાર પડાય છે. હકારાત્મક સમીક્ષા એ ખાતરીનો સમાવેશ કરે છે કે સ્રોતોમાં પાઠવેલ અર્થ અથવા કરાયેલ વિધાનો સમજવામાં પૂરાં સ્પષ્ટ છે. સ્રોતમાં કામમાં લેવાયેલ શબ્દસમૂહો અને શબ્દોમાં અચોક્કસતા હોય. કેટલીવાર શબ્દોના અર્થ સમયે સમયે બદલાઈ શકે. બીજીબાજુએ નકારાત્મક સમીક્ષા સ્રોતોની વિગતોની વિશ્વસનીયતા, પ્રમાણભૂતતા અને ચોકસાઈ સ્થાપિત કરવાની પ્રક્રિયાનો ઉલ્લેખ કરે છે. (જહોનસનના ભાષણો, પ્રકરણ-12 પાન.5) આ તપાસનીશના ભાગે નિર્ણયનો સમાવેશ કરે છે જે તદ્દન મુશ્કેલ છે. બનાવના સાક્ષીઓ દ્વારા પ્રથમદર્શી હેવાલો સમાવાતા પ્રાથમિક સ્રોતો વિશ્વસનીય અને ચોકસાઈપૂર્ણ ગણાય છે.

પ્રલેખની ચોકસાઈ નિશ્ચિત કરવા, ઈતિહાસકારે નીચેના પ્રશ્નો પૂછવા જોઈએ. (ગોલધોર 1969, પાન.103-104)

- લેખક વિષે તમે શું જાણો છો ?
- શું તે સામાન્ય રીતે સહૃદય હતો કે તે પૂર્વગ્રહવાળો હતો ?
- શું તે જ્ઞાનવાન અને સક્ષમ હતો ?
- શું તે સક્ષ્ય જાણવાની સ્થિતિમાં હતો અને તેને માહિતી વિશ્વસનીય સ્રોતોનો પ્રવેશ હતો ?
- શું તે ચોકસાઈથી, સ્પષ્ટ રીતે અને બિનઆવેગપૂર્વક હેવાલ આપવાની શક્તિનું પ્રદર્શન કરે છે ?
- પ્રલેખની તૈયારી માટે હેતુ અથવા કારણ શું હતું ?
- નોંધ લોક અભિપ્રાય, સાક્ષરતા હેતુઓ, પૂર્વગ્રહ મિથ્યાભિમીન અથવા આવાં અન્ય પરિબળો દ્વારા પ્રભાવિત કરાઈ હતી તે માનવા માટે કોઈ આધાર છે ?

  ઉપરની કસોટી ઘણી કડક છે. પુસ્તકાલય ઈતિહાસકાર સંલગ્ન ઘણા પ્રલેખો સંતોષજનક રીતે આ કસોટી પસાર કરશે નહીં. આમ છતાં, પ્રલેખે લેખકના કોઈ પૂર્વગ્રહ, અજ્ઞાનતા અને વ્યક્તિગત હેતુ (સ્વ-હિત)ને દર્શાવવો જ જોઈએ.

  ઐતિહાસિક પૂરાવા એકત્ર કરવાની પ્રક્રિયામાં, સંશોધકે સ્રોતોનું મૂલ્યાંકન કરવા તેમની પ્રમાણભૂતતા અને ચોક્કસતા માટે નીચેના પ્રશ્નો પૂછવા. (લોસી અને વર્લી, 1993 પાન.157)

- શું દાવો કરાયેલ વ્યક્તિએ પ્રલેખનુંએ સમયે ઉત્પાદન કર્યું અને શું તે દાવો કરાયા મુજબ વિતરણ કરાયો અને ઉપયોજીત થયો ?
- શું કોઈપણ વ્યક્તિ કે જેણે માહિતી (લેખિક અને વકતાવાચિક) ઉત્પાદિત કરી એને શું પ્રત્યાપન કરવું અને શુ પ્રત્યાપન ન કરવું એ પસંદ કરવામાં કોઈ શક્ય હેતુ અથવા પૂર્વગ્રહ હતો ?
- માહિતીદાતા કેવો વિશ્વસનીય છે ?
- શું માહિતી સંપૂર્ણ છે અને જો ન હોય તો શું હાજર છે અને શું ગુમ છે તે માટે શક્ય કારણ છે.

### અભિગમ-3

ઘણીવાર ઈતિહાસકારો માહિતી સ્રોતોની પ્રમાણભૂતતા અને ચોકસાઈ સ્થાપિત કરવા માટે ત્રણ અન્વેષણાત્મકો કામે લગાડે છે જેમ કે પુષ્ટિ, સ્રોતકરણ અને સંદર્ભીકરણ પુષ્ટિ સમાન બનાવો પરના પ્રલેખો તેઓ સમાન માહિતી પૂરી પાડે છે કે કેમ તે શોધવા તેમની સરખામણીનો સમાવેશ કરે છે. સ્રોતકરણ લેખક (પુરું નામ, જન્મ તારીખ અને મૃત્યુ, મોભો/પદ વગેરે) સ્થળ અને સ્રોતના સર્જનની તારીખ ઓળખવાની બાબતનો સમાવેશ કરે છે. સંદર્ભીકરણ એ સંબંધિત બનાવ

ક્યારે બન્યો તે સ્થળ, તારીખ અથવા સમયગાળો ઓળખવાની બાબતનો ઉલ્લેખ કરે છે. આ ત્રણેય પ્રયુક્તિઓનો સાથે ઉપયોગ કરવાની બાબત ઈતિહાસકારને માહિતી સ્રોતની ચોકસાઈ અને પ્રમાણભૂતતા સ્થાપિત કરવામાં મદદ કરી શકે.

### 2.6.6 નકારાત્મક માહિતી અર્થઘટન અને સંયોજન (Data Interpretation and Systnesis into a Narrative Account) :

માહિકી સંયોજન સ્થાનિક વિષય વસ્તુઓ અને કેન્દ્રવર્તી વિચારો અથવા સંકલ્પનાઓના સંદર્ભમાં માહિતીની પસંદગી કરવી, ગોઠવણી કરવી અને પૃથક્કરણ કરવાની બાબતનો સમાવેશ કરે છે પછી આ વિષયવસ્તુઓ અને કેન્દ્રવર્તી વિચારોને સંપૂર્ણ સમવર્તી અને અર્થપૂર્ણ વર્ણનાત્મક હેવાલ રચના સાથે મૂકાય છે.

''ઐતિહાસિક માહિતીનું સંયોજન તમામ પગથિયામાં સૌથી વધારે મુશ્કેલ છે. સંકલ્પનીય યોજના વિકસાવવી જોઈએ જેની આજુબાજુ મુદ્દાઓના યોગ્ય તાર્કિક ક્રમ સાથે હકીકતોની ગોઠવણી કરાવી જોઈએ. પછી એક વિગતવાર રૂપરેખા તૈયાર કરાય છે. આખરે, વર્ણનને સંતુલિત રજૂઆત અને ઉદાહરણો સાથે સામાન્યીકરણના અટામણ માટે યોગ્ય ચિંતા સાથે રચાય છે.'' (ડેનીયલ્સ, 1996, પાન.228)

સારો ઈતિહાસકાર પ્રયત્ન કરે છે કે....

- વાસ્તવિકતાની સૌથી વધારે અર્થપૂર્ણ રજૂઆત આપે છે.
- જરૂરી સમજૂતીઓ આપીને જ્યાં જ્યાં અંતરાલ અસ્તિત્વ ધરાવે ત્યાં ત્યાં અંતરાલને ભરે છે (પૂરે છે)
- માહિતીમાં અસત્યતાઓ સાથે સમાધાન કરે.
- જ્યાં હકીકતોની અછત હોય ત્યાં બુદ્ધિમંત અનુમાનની કાળજીપૂર્વક કરામત કરે પણ પ્રામાણિકતાથી સ્વીકારે છે કે તે બુદ્ધિમંત અને શિક્ષિત અનુમાનનો ઉપયોગ કરી રહ્યો છે અને
- તારણો પર આવવા માટે તેના દ્વારા ઉપયોગમાં લેવાયેલ શૈક્ષણિક અભ્યાસ અધિકારો અને મૂળભૂત સ્રોતોનો ઉલ્લેખ કરીને તાજાકલમ અને વાગ્મયસૂચિ પૂરી પાડે છે.

  સારો ઈતિહાસકાર જ્ઞાનવાન વિવેચકો અને વિદ્વાનોનો સમાવેશ કરતા તેના ઈરાદો રખાયેલ શ્રોતાગણને પૂરાવાના આધાર સાથે તેનાં તારણો રજૂ કરવા પ્રવાહ અને તાર્કિક અભિવ્યક્તિ કામે લગાડે છે. હેવાલ રજૂ કરવામાં નીચેની માર્ગદર્શક રેખાઓ દૃષ્ટિ સમજ રાખવી જોઈએ.

- પૂરાવો અને તારણો એ રીતે રજૂઆત (લેખિત) કરાવવાં જોઈએ જેથી તેઓને અસરકારક રીતે સંબંધિક વાચકોને પ્રત્યાયન કરી શકાય.
- સંશોધકે સમવર્તી અને અર્થપૂર્ણ વર્ણનાત્મક સ્પષ્ટીકરણ પૂરા પાડવા એક સારા જાસૂસની જેમ તેની બુદ્ધિ, કલ્પના અને ભેદભાવની ભાવનાનો ઉપયોગ કરવો જોઈએ.
- લેખ વિચારના સાતત્ય અને સ્પષ્ટતા પર ભારની સાથે વાચનગમ્ય પરંતુ શૈક્ષણિક અભ્યાસની શૈલીનો ઉપયોગ કરીને રસપ્રદ, લાવણ્યમય અને પ્રવાહી વર્ણનમાં હોવો જોઈએ.
- મુદ્દાઓ તેમજ સમસ્યાની તમામ બાબતોને આવરી લેવી જ જોઈએ.
- ઐતિહાસિક પૂરાવાનો સમાવેશ કરીને અને તેને હેવાલમાં જોડીને તેણે ભૂતકાળનું ચોકસાઈથી વર્ણન કરવું જ જોઈએ. તેણે સરળ કરણ નહીં કરવા અથવા ગેર રજૂઆત નહીં કરવા બાબતમાં કાળજીવાળા હોવું જોઈએ.
- ઐતિહાસિક સંશોધન તેના સ્વરૂપના કારણે સ્વરૂપમાં આત્મલક્ષી હોય છે.

પરંતુ, સાપેક્ષ રીતે બોલાના, તે સંશોધકના પૂર્વગ્રહ પરત્ત્વે સંવેદનશીલ હોય છે. કોઈપણ કિસ્સામાં, તેણે પૂર્વગ્રહ અથવા ખોટો નિર્ણય નિવારવો જોઈએ. આમ છતાં, ઈતિહાસકારે રજૂઆતની શૈલી કે જે વસ્તુલક્ષી હોય છે પરંતુ લાગણી કે રંગમાં ઉણપ ધરાવતી નથી તેને અનુસરવું જોઈએ. કોઈવાર સંશોધકને લાગે કે તેને એક જ્ઞાન મનોપૂર્વગ્રહ છે, એક પ્રામાણિક સંશોધક તરીકે તેણે આ જ વાતની સ્પષ્ટ રીતે અભિવ્યક્તિ કરવી જોઈએ કે જેથી વાચક લેખક દ્વારા ખેંચાયેલાં તારણો કે જેથી વાચક લેખક દ્વારા ખેંચાયેલાં તારણો અને અર્થઘટન સંબંધી તેના પોતાના નિર્ણયને રચી શકે છે.

- પૂરાવાનાં પૃથક્કરણ કરાવના જોઈએ અને અર્થઘટન કરાવાવું જોઈએ કે જેથી તે ઉત્કલ્પના (જે કંઈ હોય) તારણોને ટેકો આપે છે.
- તારવેલાં તારણો અને આધાર આપતો પૂરાવો સ્પષ્ટ અને અસંબંદિગ્ધ ગદ્યમાં રજૂ કરાવો જોઈએ.
- જટિલ વિચારોને સરળ કર્યા વિના સાદી શૈલીમાં સમજાવાની જરૂર પડે છે.
- સારો ઈતિહાસકાર એ છે જે એ હકીકતને સ્વીકારે છે કે તેનાં તારણો કામચલાઉ છે અને તે હંમેશાં જે પછીથી ઉપલબ્ધ બને એવી માહિતીના સંદર્ભમાં તેનાં તારણોનું પુનરાવર્તન કરવા અથવા અનાદર કરવા ઈચ્છુક હોવો જોઈએ. ઘણીવાર સંશયવાદ એ જરૂરી હોય છે અને તે ઉપયોગી હેતુ બજાવે છે.
- હકીકતો અને અર્થઘટન પ્રલેખિત પૂરાવા સાથે રજૂ કરવાં જોઈએ તેથી વાચકો સંશોધક દ્વારા પહોંચાયેલાં તારણોનું મૂલ્યાંકન કરી શકે. બીજા શબ્દોમાં, વાચકો સંશોધકો દ્વારા તારવાયા પ્રમાણેનાં એજ તારણો પર તેઓ આવ્યા છે કે કેમ તે શોધી કાઢવા પ્રલેખિત સ્ત્રોતોની સમીક્ષાત્મક તપાસ કરી શકે છે. પ્રલેખિત પૂરાવો અભ્યાસની પુનરાવૃત્તિ કરવા અન્ય સંશોધકોને શક્તિમાન પણ બનાવે છે, જે વધારે વૈજ્ઞાનિક ચોકસાઈમાં પરિણામે છે. આ રીતે જ્ઞાન આગળ વધે છે.
- એકંદરે સંશોધકે બૌદ્ધિક પ્રમાણીકતા દર્શાવવી જોઈએ.

## 2.7 ઈન્ટરનેટ (INTERNET) :

તાજેતરનાં વર્ષોમાં ઈન્ટરનેટ સંશોધન માટે મહત્ત્વનો સ્ત્રોત, ક્રાંતિકારી પ્રત્યાન વિતરણ પદ્ધતિ બન્યું છે. આ ધ્વનિ, આલેખીય અને દશ્ય સુવિધા ધરાવતી ઈન્ટરનેટ સંગમબિંદુ World Wide Web ની વૃદ્ધિના કારણે છે . ઘણાં શૈક્ષણિક, વ્યાવસાયિક, વાણિજ્યિક અને સરકારી સંસ્થાઓ કિંમતી માહિતીઓ અને જાણકારી પૂરી પાડવા તેમની પોતાની વેબસાઈટ સ્થાપી છે. એવાં પુસ્તકાલયો છે જેમણે વિજાણુ પુસ્તકાલયો સ્થાપ્યાં છે જેવાં કે National Digital Library of Congress, New York Digital Library વગેરે. નિમ્ન લખાણ અને પ્રચાર સામગ્રીની સાથે ખૂબ જ ઉપયોગી માહિતીની ઉપલબ્ધ હોય છે. માહિતીને કેવી રીતે સમગ્ર રીતે તપાસવી એ જાણવું જોઈએ. ઈતિહાસ સ્ત્રોતોને શોધવમાં વિષય નિર્દેશીકાઓ અને સર્ચ એન્જીની ઉપયોગી છે. વેબ અને ગોફર FTP ફાઈલ પર પ્રાપ્ય ઈતિહાસ સંબંધિત હજારો પ્રાથમિક સ્ત્રોતો છે. આ વેબ સાઈટ પૈકી ઘણાની સમસ્યા છે કે ઘણીવાર સ્ત્રોતોની ચોકસાઈ, સંપૂર્ણતા અને સત્યતાનું મૂલ્યાંકન કરવા ઈતિહાસકાર દ્વારા જરૂરી પાયાની માહિતી ખૂટતી હોય છે જેમ કે વેબસાઈટનો હેતુ, ઓનલાઈન પ્રલેખ તૈયાર કરવામાં માટે ઉપયોગમાં લેવાતા હસ્તલિખિત અથવા છપાઈ સ્ત્રોતનું સ્થળ. કેટલીકવાર, સામગ્રી ખાસ દષ્ટિબિંદુમાંથી લખાય છે અથવા કોઈ ખાસ હેતુ બજાવવા હકીકતોનું ગેર અર્થઘટન કરાય. ઘણીવાર, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારો દ્વારા સ્થપાયેલ વેબસાઈટો વધારે અધિકારપૂર્ણ ગણાય છે. ઘણીવાર, પાન ને 'લોડ' કરવામાં ઘણો બધો સમય પણ લે છે. ઝડપી શોધ કરવા, વ્યક્તિને ઝડપી પ્રોસેસર અને મોડેમ સાથેના કમ્પ્યૂટરની જરૂર પડે. પ્રાથમિક સ્ત્રોતો કરતાં દ્વિતીય સ્ત્રોતો માટે ઈન્ટરનેટ પર સર્ચ કરવું ઘણું મુશ્કેલ હોય છે.

સર્ચીંગએ સમસ્યાઓથી ભરપૂર હોય છે. પ્રત્યેક સર્ચ એન્જીની સર્ચીંગ માટે તેની પોતાની કાર્યપદ્ધતિનો ઉપયોગ કરે છે. કોઈ ખાસ મુદ્દા ઉપર (શબ્દો અને શબ્દસમૂહની સર્ચ પર આધારિત) તે એટલી વિશાળ સંખ્યામાં પ્રલેખો પૂરા પાડે છે કે સર્ચ કરનારને સંબંધિત પ્રલેખ શોધવામાં અત્યંત સમય

વીતાવવો પડે છે અને એ રીતે ધીરજ ગુમાવી દે છે. આમ છતાં, વ્યક્તિએ યાદ રાખવું જોઈએ કે જરૂરી પ્રલેખ શોધવા જો વ્યક્તિ વ્યક્તિગત રીતે પુસ્તકાલયમાં જાય તો વધારે સમય ખર્ચાઈ જાય છે. પ્રલેખ છીજલી પ્રસ્તુત પર હોય અથવા ન પણ હોય. તે વાચકના હાથમાં હોય અથવા ઈસ્યુ કરેલુ હોય. કોઈ કિસ્સામાં પુસ્તકાલયે આંતર-ગ્રંથાલય લોન પર પ્રલેખ મેળવવાનો હોય છે આમ તેને મેળવવા થોડા દિવસો કે અઠવાડિયાં સુધી રાહ જોવી પડે છે.

માહિતી સર્ચીંગમાં વ્યક્તિ નીચે જણાવ્યા મુજબની કેટલીક ગંભીર સમસ્યાઓ માંથી પસાર થવાથી હોય છે. (ગ્રીફીન, 1999, પ્રકરણ-12, પાન.2)

''એક ખૂબ જ નિરાશ કરે એવી સમસ્યા; કેટલીવાર જ્યારે તમે કડી પસંદ કરો છો ત્યારે સંદેશો તમને માહિતી આપે છે કે સર્વર (કમ્પ્યુટર) કે જેની ઉપર સામગ્રી વિશ્વમાં ક્યાંક સગ્રહિત છે તે તમારી વિનંતી પસંદ કરી રહ્યું નથી અને સૂચવે છે કે તમે પછીથી પ્રયત્ન કરો. (તરત જ પુનઃપ્રયત્ન કેટલીકવાર પરિણામ લાવે છે અને કેટલીકવાર નથી લાવતું) ઘણીવાર, તમે સંદેશા મેળવશો જે અભિવ્યક્ત કરે છે કે સાઈટ પાસે DNS નંબર નથી. (કેટલીક વાર તત્કાલ પુનઃપ્રયત્ન સંદેશોને ખોટો સાબિત કરે છે) સમયાંતરે, તમે શોધશો કે તમારે જે સામગ્રી જોઈએ છે તે ઉપલબ્ધ છે પરંતુ એક અથવા વધારે કારણોસર તેને 'લોડ' કરવા માટે તમારે લાંબો સમય રાહ જોવી પડે. ''સંબંધિત સમસ્યા અને અન્ય ગંભિર સમસ્યા કે જે વ્યક્તિને સંદેશાઓ સાથે જોડે છે ત્યારે એવું અભિવ્યક્ત કરીને કે વિનંતી કરાયેલ સામગ્રી મળતી નથી. સામાન્ય રીતે એનો અર્થ થાય કે જ્યારે નોધવામાં આવ્યો ત્યારે કડી સારી હતી પરંતુ પ્રલેખ અથવા નિર્દેશિકા ઈન્ટરનેટ પર બિલકુલ નથી અથવા તેનું અલગ સરનામું છે. કેટલીકવાર આ મુશ્કેલી થોડી શોધ કરવા અથવા કેટલીકવાર ન કરવા સર્ચ એન્જીનના ઉપયોગ દ્વારા પાર પાડી શકાય છે.''

ઈન્ટરનેટ પર માહિતી તૈયાર કરનાર ઇતિહાસ કારો એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ઈન્ટરનેટએ પુસ્તકાલયની સાથે વધારનો સ્રોત છે. અત્યારે, પુસ્તકાલય ઈતિહાસકારને રસનાં માહિતીના માત્ર થોડા સ્રોતો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ છે. પરંતુ પુસ્તકાલયો તેમજ વ્યક્તિઓ ના સમાવેશ સાથેની વિવિધ એજન્સીઓ દ્વારા હાથ ધરાયેલ ડીજીટાઈઝેશન પ્રોજેકટો ના કારણે અત્યંત વધારે સ્રોતો ઉપલબ્ધ બની રહ્યા છે. ઈન્ટરનેટનો ખૂબ મોટો લાભ છે કે તે ઐતિહાસિક સંશોધનને અસરકારક રીતે અને કાર્યક્ષમ રીતે કેવી રીતે પાર પાડવું તેના વિષે ખૂબ જ માહિતીનો જથ્થો અને માર્ગદર્શક રેખાઓ ઈન્ટરનેટ પર પૂરી પાડવામાં આવે છે.

## 2.8 વૈજ્ઞાનિક સંશોધન (SCIENTIFIC RESEARCH) :

**બુશા અને હાર્ટરના** મત મુજબ, ''તપાસના વ્યવસ્થા સંચાલન પરત્વે વૈજ્ઞાનિક પદ્ધતિનો પ્રયોગએ પ્રયોગાત્મક અને સર્વેક્ષણ સંશોધન પૂરતો મર્યાદિત નથી. વૈજ્ઞાનિક અભિગમ ઐતિહાસિક સંશોધનોમાં પણ ઉપયોગમાં લઈ શકાય છે.'' ઈતિહાસએ વિજ્ઞાન અને કલા એમ બંને છે. સારા ઈતિહાસકારો વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ ત્યારે કરે છે જ્યારે તેઓ માહિતી એકત્ર કરે છે ચકાસણી કરે છે અને પૃથક્કરણ કરે છે. ઐતિહાસિક વર્ણનાત્મક હેવાલો માટે સર્જનાત્મક અને રસપ્રદ લખાણ લખવાની કલા વૈજ્ઞાનિક અભિગમને પૂરક બને છે. (1980 પાન.91) તેઓ આગળ દર્શાવે છે કે કેટલાક ઇતિહાસકારો માને છે કે વૈજ્ઞાનિક પદ્ધતિ ''ચૂસ્ત પૃથક્કરણિય સુનિશ્ચતના અને સુનિશ્ચિત સમજૂતીઓના અભાવનેલી છે ઐતિહાસિક સંશોધનને વિનિયોજીત કરવા અનુરૂપ કહી શકાય નહી'' (1980 પાન.91) પોવેલ દ્વારા આવું જ દષ્ટિબિંદુ રજૂ થયું છે. પોવેલ ઉલ્લેખ કરે છે કે કેટલાક ઈતિહાસકારોના સમાવેશ સાથે અસંખ્ય સંશોધકો એ દલીલ કરી છે કે ઐતિહાસિક સંશોધનને સાચું વૈજ્ઞાનિક સંશોધન ગણી શકાય નહીં કારણ કે તે પૂરતી સુનિશ્ચિતતા અને વસ્તુલક્ષીતતાની પરવાનગી આપતું નથી. (1991 પાન.137)

આ ચોક્કસપણે સાચું નથી. બાબતની હકીકત છે કે તેને વિનિયોજિત કરવું મુશ્કેલ છે. તેને પ્રયોગાત્મક અને સર્વેક્ષણ પદ્ધતિઓ જેવી સંશોધન પદ્ધતિઓની ચુસ્તતા હોતી નથી કારણ કે તે અન્ય પદ્ધતિઓમાં દર્શાવેલ તપાસણીનાં ધોરણો પરિપૂર્ણ કરવા શક્તિમાન નથી. ઐતિહાસિક સંશોધન એ તેના સ્વરૂપમાં ex Post Facto છે અને સામાન્ય રીતે; ઐતિહાસિક બનાવો અને જટીલ ઘટનાઓ છે જ્યાં ઉચ્ચ કક્ષાના વિશ્વાસને પરિપૂર્ણ કરવા તારણો પર આવવું મુશ્કેલ બને છે.

કેટલાક અન્ય દલીલ કરે છે કે ઐતિહાસિક સંશોધન અન્ય પદ્ધતિઓ જેટલી જ તપાસણીમાં સમાન ધોરણો પરિપૂર્ણ કરી શકે છે. સારો ઈતિહાસકાર હંમેશા તેની સર્વશક્તિઓ સાથે વૈજ્ઞાનિક અભિગમને અનુકૂલન સાધવા પ્રયત્ન કરે છે. તે સંશોધન પ્રક્રિયાના વિવિધ તબક્કાઓએ તપાસણીની વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરે છે જેમ કે ઉત્કલ્પનનાની રૂપરેખા અને ચકાસણી, માહિતીનો સંગ્રહ, પૃથક્કરણ,

અર્થઘટન અને સંયોજન, વર્ણનનું લેખન, તે તમામ તબક્કાઓએ વૈજ્ઞાનિક અભિગમ સ્વીકારે છે. પદ્ધતિસર (એટલે કે પદ્ધતિસર રીત અથવા અભિગમ) તેને સંબંધિત ઐતિહાસિક ઘટનાની તેની તપાસમાં ચાવીરૂપ શબ્દ છે. આ સાચા ઐતિહાસિક સંશોધનોનાં વિશિષ્ટ લક્ષણો છે. આમ છતાં, એમાં કોઈ શંકા નથી કે તેની ખામીઓ હોવા છતાં, ઐતિહાસિક સંશોધનને પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. ઐતિહાસિક જ્ઞાન અભ્યાસના આ વિસ્તારના વિકાસમાં મદદ કરી છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

5. ઐતિહાસિક સંશોધનમાં માહિતી સંયોજનની પ્રક્રિયાનું વર્ણન કરો.
6. ઐતિહાસિક સંશોધનમાં વિનિયોજિત કરવા વૈજ્ઞાનિક પદ્ધતિનો અમલ શાથી મુશ્કેલ છે ?

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.
2. એકમના અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબને ચકાસો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

## 2.9 સમસ્યાઓ (PROBLEMS) :

**માહિતીની માત્રા (data) :** ઘણીવાર, અર્થપૂર્ણ તારણો સુધી પહોંચવા કેટલી માહિતી પૂરતી હોય તે બાબત નક્કી કરવાનું મુશ્કેલ હોય છે.

**માહિતી પસંદગી :** ઈતિહાસકારે માહિતીની અયોગ્ય અથવા ખામીયુક્ત પસંદગી નિવારવી જ જોઈએ. આ માટે કેટલીક માહિતીની અવગણના કરીને જ કેટલીક માહિતી પર અત્યંત વિશ્વાસ રાખવાના કારણે ખામી રહે છે, આ અભ્યાસમાં પૂર્વગ્રહમાં પરિણમે છે.

**ઐતિહાસિક માહિતી અને તેના સ્ત્રોતોનું મૂલ્યાંકન :** માહિતી અને તેના સ્ત્રોતોનું અયોગ્ય મૂલ્યાંકન ગેરમાર્ગે દોરનારાં પરિણામો તરફ દોરી શકે છે.

**વર્ણન અહેવાલમાં માહિતીનું સંયોજન :** ઐતિહાસિક સંશોધનના સ્વરૂપને જ લીધે, જો સંશોધક હકીકતોને અર્થપૂર્ણ સામાન્યીકરણમાં સફળતાપૂર્વક સંયોજન કરવા અથવા સુગ્રથિત કરવા શક્તિમાન હોય તો તે વધારે ફળદાયી બને છે. આમ, માહિતીનો યોગ્ય રીતે અર્થઘટન કરવા સંશોધના ભાગે નિષ્ફળતા એ ગંભીર વિઘ્નો ગણાય છે.

નીચે જણાવ્યા મુજબ સંયોજનના તબક્કે અને અહેવાલની તૈયારીમાં ચાર સમસ્યાઓ હોય છે.

1. સહસંબંધિત બનાવોમાંથી કારણનું અનુમાન કરવાનો પ્રયત્ન કરવોએ પ્રથમ સમસ્યા છે. બે બનાવો સાથે જ બન્યા એ માત્ર કારણથી આવશ્યકપણે એવો અર્થ થતો નથી કે એક બનાવ બીજા બનાવનું કારણ હતું.
2. બીજી સમસ્યા છે ચાવીરૂપ શબ્દોને વ્યાખ્યાયિત કરવા અને અર્થઘટન કરવું કે જેવી અસંદિગ્ધતા નિવારી શકાય અને ખાતરી કરાય કે તેઓ સાચો અર્થ ધરાવે છે.
3. ત્રીજી સમસ્યા છે, લોકોએ કેવી રીતે વર્તન કરવું જોઈએ અને વાસ્તવમાં તેઓ કેવી રીતે વર્ત્યા તે સૂચવતા પૂરાવા વચ્ચે તફાવત કરવો.
4. ચોથી સમસ્યા મનસુબા સ્વરૂપે અને પરિણામો વચ્ચે તફાવત જાળવી રાખવાની છે. બીજા શબ્દોમાં, શૈક્ષણિક ઈતિહાસકારોએ ખાતરી કરવી જોઈએ કે પરિણામો કે જે કેટલીક પ્રવૃત્તિ અથવા નીતિમાંથી અવલોકન કરાયા હતાં તે ઈરાદાપૂર્વકનાં પરિણામો હતાં.(Johnson lectures, chep 12. P.81

ઐતિહાસિક સંયોજન અને અર્થઘટન એક કલા ગણાય છે. જે સ્વરૂપમાં આત્મલક્ષી હોય છે. આ એક આત્મલક્ષીતાનો ગંભીર પ્રશ્ન ઊભો કરે છે. ઐતિહાસિક સંયોજનએ આવશ્યક રીતે ઉચ્ચરીતે આત્મલક્ષી

કલા છે. તે બનાવોના જટીલ જાળા તથા વર્ણન લેખનની કલામાં પદ્ધતિઓ અને સંબંધોના આંતઃસ્ફૂરણાત્મક અનુભવનો સમાવેશ કરે છે. સમજૂતીઓ અને નિર્ણયો કરવામાં ઈતિહાસકારનું પોતાનું વ્યક્તિત્વ, અનુભવ, ધારણાઓ અને નૈતિક મૂલ્યોનો સમાવેશ થાય છે. અનિવાર્યપણે, આ બાબતમાં ઈતિહાસકારો વચ્ચે વ્યક્તિગત તફાવતો હોય છે અને વિવિધ શાખાઓ અથવા નાગરિકત્ત્વોના ઈતિહાસકારો વચ્ચે લંબાણપૂર્વકના શૈક્ષણિક ઝઘડાઓ વ્યવહારું રીતે પ્રત્યેક બનાવ ઉપર ઊભા થયા છે.સમજલક્ષી પદ્ધતિ પરત્વે તાજેતરના ભૂતકાળના જટીલ બનાવોનો શરૂઆતનો ઘટાડો ખાસ કરીને મુશ્કેલ અને આત્મલક્ષી હોય છે.'' (ડેનીપલ્સ 1996, પાન.228).

વર્ણન લખવાની પ્રક્રિયા જ માનવીય હોય છે તે કારણથી સંપૂર્ણ વસ્તુલક્ષીતા અશક્ય છે. પરિણામે, અગાઉથી વિચારેલ ખ્યાલો અથવા વિચારો ગોઠવવા માટે પૂર્વગ્રહ, હકીકતો વિકૃત કરવીએ અસામાન્ય નથી. એ પણ ધ્યાનમાં રખાવું જોઈએ કે ઐતિહાસિક તારણો સ્થળ, સમય અને લેખક કોણ છે એ બાબતમાં અનુકૂલિત થયાં હોય છે. આને પાર પાડવા માટે આ આંતરિક (અંતર્ગત) નબળાઈઓમાંથી કેટલીકને તેના અભિગમમાં ધારણાઓ નીચે રહીને લેખકે સ્પષ્ટપણે સૂચવવી જોઈએ. કોઈ કિસ્સામાં, તે કોઈ ખાસ વિચાર શાખા ધરાવતો હોય, તે સ્પષ્ટપણે અભિવ્યક્ત થવી જ જોઈએ.

**સ્રોતો :**

**માહિતીના દ્વિતીય સ્રોતોનો ભારે ઉપયોગ :** અત્યારના સમય કરતાં અગાઉના સમયમાં બનેલ બનાવોમાં સંશોધનના કિસ્સામાં સંશોધકને અવારનવાર પ્રાથમિક સ્રોતોની અછત (ઊણપ)ને લીધી દ્વૈતીયક સ્રોતો ઉપર ભારે આધાર રાખવો પડે છે.

**સમસ્યાનું વિસ્તૃત ક્ષેત્ર :**

**વિસ્તૃત સમસ્યા :** જો કોઈ કિસ્સામાં વ્યક્તિ સમસ્યા અથવા અભ્યાસના વિસ્તૃત ક્ષેત્રને સંબંધિત હોય ત્યારે ઘણીવાર સમાવિષ્ટ ઐતિહાસિક મુદ્દાઓ અભ્યાસ કરવા ઘણા જટીલ બને છે.

**રજૂઆત :**

**શૈલી :** લેખન શૈલી આકર્ષક હોવી જોઈએ અને વાચકને માહિતી આપવાનું ધ્યેય પર રાખતી હોવી જોઈએ. આ સરળ કામ નથી.

**કોશલ્ય :** તેણે નવા જ્ઞાન માટે મહત્ત્વનું યોગદાન આપવું જોઈએ અને કોશલ્ય પ્રતિબિંબિત થવું જોઈએ.

## 2.10 સારાંશ (SUMMARY) :

સાચું ઐતિહાસિક સંશોધન વર્ણનના લેખન અને માહિતીના સંયોજન, અર્થઘટન, પૃથક્કરણ, સંગ્રહ, ઉત્કલ્પનાની રૂપરેખા (રચના) અને કસોટીના સમાવેશ સાથે સંશોધન પ્રક્રિયાના તમામ તબક્કાઓએ વૈજ્ઞાનિક સંશોધનના પ્રક્રિયાના તમામ તબક્કાઓએ વૈજ્ઞાનિક સંશોધનના વિનિયોગન(પ્રયોગને) કામે લગાડવો જોઈએ. પદ્ધતિસર (એટલે કે પદ્ધતિસર રીત) તમામ પગથિયાંએ વપરાતો ચાવીરૂપ શબ્દ છે. આ રીતે, ઈતિહાસકાર દ્વારા અપાયેલ ઐતિહાસિક તારણો તાર્કિક પ્રમાણતા હોવાનો સાચી રીતે દાવો કરી શકે. આ તાર્કિક પ્રમાણતા કંઈક અન્ય સમાજ વિજ્ઞાનોને તુલના કરવા યોગ્ય હોય છે. આમ છતાં, સાચું ઐતિહાસિક સંશોધન સાલવારી અથવા માત્ર બનાવોના વર્ણનમાંથી ઓળખી કઢાવી જોઈએ. આ માત્ર સંશોધન પ્રક્રિયામાં પગથિયાં રચે છે. એ નોંધવું જોઈએ કે તે વૈજ્ઞાનિક સંશોધનનો (પ્રયોગ) વિનિયોગ છે જે માત્ર સાલવારી અથવા માત્ર બનાવોના વર્ણનમાંથી સાચા ઐતિહાસિક સંશોધનને ઓળખે છે.

સારો ઈતિહાસકાર હંમેશાં તેની સંપૂર્ણ શક્તિથી વૈજ્ઞાનિક અભિગમને અનુકૂલન કરવા પ્રયત્ન કરે છે. વ્યક્તિએ સ્વીકારવું જોઈએ કે ઐતિહાસિક સંશોધનની કેટલીક મર્યાદાઓ છે. આ ઐતિહાસિક સંશોધનનો ex-post facto સ્વરૂપનો સમાવેશ કરે છે જ્યાં ઈતિહાસકાર બનાવની પશ્ચાત ઉપલબ્ધ પૂરાવા તપાસતા બનાવની જટીલતા, સમાવિષ્ટ પરિબળોના સંબંધમાં ઘટનાત્મક કારણનો અભ્યાસ કરવામાં સમસ્યાઓ અને ભૂતકાલીન બનાવોની પુનરાવૃત્તિની અશક્યતામાંથી કાર્ય કરે છે. ઉપરાંત, ઐતિહાસિક સંશોધન એ ઉચ્ચ રીતે વિષયલક્ષી કલા છે. અર્થપૂર્ણ વર્ણન લખવાની પ્રક્રિયા એ માનવીય છે. જ્યાં સંપૂર્ણ વર્ણનમાં વસ્તુલક્ષીતા સિદ્ધ કરી શકે નહીં. સંશોધકના પૂર્વગ્રહની હંમેશાં સંભાવના રહે છે. જે અગાઉથી વિચારેલા ખ્યાલોને પરિપૂર્ણ કરવા હકીકતોને દબાવી દેવા અને વિકૃતિ તરફ

દોરી જાય છે અને તારણોની વસ્તુલક્ષીતાને અસર કરે છે. આમ, ઉચ્ચ માત્રાના વિશ્વાસ સાથે તારણો પર આવવાનું મુશ્કેલ બને છે.

ઈતિહાસકારનું કાર્ય અત્યંત મુશ્કેલ હોય છે. ઘણીવાર તેને એવા બનાવો સાથે સંબંધ હોય છે. જેના માટે ખૂબ થોડા માહિતીના પ્રાથમિક સ્રોતો હોય. આ રીતે તેને દ્વૈતીયક સ્રોતો ઉપર વધારે આધાર રાખવા માટે દબાણ અપાય છે. ઘણીવાર તપાસાતી સમસ્યા ખૂબ જ વિસ્તૃત હોય જ્યાં ઐતિહાસિક બનાવ માટે પર્યાવરણ ખૂબ જટીલ હોય. અસંખ્ય પરિબળો અને ચલોના સમાવેશ સાથે કેટલાક અભ્યાસોમાં, ખૂબ જ તપાસણીની જરૂરિયાત હોય એવી સંશોધક દ્વારા એકત્રિત કરાયેલ માહિતી પણ વિશાળ હોય છે. આ તેના માટે મોટો માથાનો દુખાવો છે. અહીં શું પ્રસ્તુત છે અને શું પ્રસ્તુત નથી એ નક્કી કરવું ખરેખર મુશ્કેલ છે.

એમાં શંકા નથી કે તેની મર્યાદાઓ છતાં, ઐતિહાસિક સંશોધને પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં અગત્યનું યોગદાન આપ્યું છે. પુસ્તકાલય ઈતિહાસ (પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનમાં કરાયેલ ઐતિહાસિક સંશોધન) તેનું પોતાનું સાહિત્ય ઉત્પાદન કરીને અભ્યાસના અલગ વિસ્તાર તરીકે વૃદ્ધિ પામ્યું છે. જે વ્યક્તિઓ આ ક્ષેત્રમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરે છે તેઓ પુસ્તકાલય ઈતિહાસકારો કહેવાય છે. પુસ્તકાલય ઈતિહાસ દિવસે દિવસે વૃદ્ધિ પામી રહ્યો છે. પુસ્તકાલય ઈતિહાસકારોના હિતને સેવા બજાવવા અલગ સંગઠનો છે. IFLA (પુસ્તકાલય સંગઠનો અને સંસ્થાઓનું આંતરરાષ્ટ્રીય સંઘ)ને પુસ્તકાલય ઈતિહાસ વિષે અલગ સંસ્થા છે. અમેરિકન પુસ્તકાલય સંગઠને પુસ્તકાલય ઈતિહાસ ગોળમેજીનું સર્જન કર્યું છે. સારો પુસ્તકાલય ઈતિહાસ માહિતીના પૂરતા સ્રોતો સિવાય લખી શકાતો નથી. પુસ્તકાલય ઈતિહાસએ પૂરતી નોંધોની ઉણપ માત્ર ધરાવતો નથી પણ પુસ્તકાલયોમાં જે ઉપલબ્ધ છે તે પણ હંમેશાં સરળતાથી પ્રાપ્ય હોતા નથી. આથી, ગ્રંથપાલોએ પ્રાપ્તિ, ગોઠવણી અને તેમને પ્રવેશગમ્ય બનાવવાની બાબતને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. અગ્રગણ્ય પુસ્તકાલય શિક્ષકો/વિધવાનો ગ્રંથાલયો અને ગ્રંથપાલોની મુલાકતો આધારિત મૌખિક ઈતિહાસ યોજનાઓ દ્વારા આ હેતુ પૂરોપાડવા નોંધો ઉત્પાદિત કરી શકાય છે.

## 2.11 તમારી પ્રગતિ ચકાસોનાં ઉત્તરો (ANSWER TO SELF CHECK EXERCISES)

1. ઐતિહાસિક સંશોધનએ ભવિષ્યની આગાહી કરવા ભૂતકાલીન બનાવોનો અભ્યાસ અને પૃથક્કરણ છે. તે ભૂતકાલીન બનાવો સંબંધિત માહિતીના પદ્ધતિસર સંગ્રહ અને વસ્તુલક્ષી મૂલ્યાંકનનો સમાવેશ કરે છે. માત્ર ભૂતકાલીન બનાવો સંબંધિત માહિતી એકત્ર કરવી અને સાલવારી રજૂ કરવી એ ઐતિહાસિક સંશોધન નથી.
2. ઐતિહાસિક સંશોધનના હેતુઓ છે :
   - ભૂતકાળનું પુનઃનિર્માણ કરવું.
   - અજ્ઞાત બનાવોને શોધવા.
   - બનાવોની અગત્યતા સમજવી.
   - સંગઠન/ચળવળ/પરિસ્થિતિનો સંદર્ભ શોધવો.
   - ભૂતકાળ વિષેના પ્રશ્નોના જવાબ શોધવા.
   - કારણ-અને અસર સંબંધનો અભ્યાસ કરવો.
   - ભૂતકાળ અને વર્તમાન વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો, અને
   - વ્યક્તિઓ, સંસ્થાઓ અને અન્ય પ્રકારનાં સંગઠનોની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવું અને નોંધણી કરવી.
   - તત્કાલસંબંધિત ઘટનાની સમજ પૂરી પાડવી.
   - પુસ્તકાલયોનો સાંસ્કૃતિક સંદર્ભ સમજવો.
3. ઐતિહાસિક સંશોધન સંચાલનમાં સમાવિષ્ટ પગથિયાં છે.
   - સંશોધન મુદ્દાની ઓળખ અને સંશોધન સમસ્યાની રૂપરેખા.
   - સંશોધન મુદ્દા વિષે પશ્ચાદ્ભૂમિકાની માહિતી અથવા સંદર્ભીક માહિતીનો સંગ્રહ
   - જવાબો આપવાના હોય તે પ્રશ્નોની રચના અથવા ઐતિહાસિક ચલો વચ્ચે કારણરૂપ સંબંધો સમજાવવા ઉત્કલ્પનાની રૂપરેખા (રચના)

- પૂરાવા અથવા માહિતી અથવા સાહિત્ય સમીક્ષાનો પદ્ધતિસર સંગ્રહ
- ઐતિહાસિક સ્રોતનું ચુસ્ત મૂલ્યાંકન (સ્રોતોની પ્રમાણભૂતતા અને તેમના વિષય વસ્તુની પ્રમાણતા)
- અર્થઘટન
- વર્ણન હેવાલમાં સંયોજન

(4) સંશોધક માહિતીના પ્રાથમિક સ્રોતોને બદલે દ્વૈતિયક સ્રોતો પસંદ કરે છે. કારણ કે આ લેખક/સંપાદક દ્વારા પ્રત્યક્ષ રીતે અવલોકન નહિં કરાયેલ બનાવ, વસ્તુ અથવા ઘટના સંબંધિત માહિતીનો હેવાલ આપે છે. પરિણામે, આ સ્રોતોની અધિકૃતતા પ્રાથમિક સ્રોતોની તુલનામાં ઓછી હોય છે.

5. માહિતી સંયોજનએ માહિતીને પદ્ધતિસર રીતે એકત્ર કરવા, ગોઠવવા, પૃથક્કરણ કરવા અને રજૂ કરવાની બાબતનો સમાવેશ કરે છે. રજૂઆત સુસંબંધ્ધ હોય એ અગત્યનું છે. આથી, સંશોધકે મુદ્દાઓને સામાન્યમાંથી વિશિષ્ટ તરફ કેવી રીતે ગોઠવવા તે બાબતમાં રજૂઆતનું આયોજન થવું જોઈએ. વર્ણનને આધાર આપતા પૂરતાં આકૃતિઓ હોવી જોઈએ.

6. સુનિશ્ચિતતા અને વસ્તુલક્ષીતાના અભાવ (ઊણપ)ને લીધે વૈજ્ઞાનિક પદ્ધતિને ઐતિહાસિક સંશોધનમાં વિનિયોજિત કરવી અઘરું છે. સંશોધનની ઐતિહાસિક પદ્ધતિ સર્વેક્ષણ અને પ્રયોગાત્મક પદ્ધતિઓની ચુસ્તતાની ઉણપ ધરાવે છે. તે સ્વરૂપમાં જટીલ બનાવોનું સંચાલન કરતાં post facto છે. જ્યાં વૈજ્ઞાનિક પદ્ધતિ લાગુ પાડવી અઘરું બને છે.

## 2.12 ચાવીરૂપ શબ્દો (KEY WORDS) :

**ઐતિહાસિક સંશોધન** : વર્તમાન બનાવો સમજાવવા અને ભવિષ્યના બનાવોની આગાહી કરવા બનાવોમાં કારણો, અસરો અથવા પ્રવાહો સંબંધી ભૂતકાળના બનાવો સંબંધિત માહિતીનો પદ્ધતિસર સંગ્રહ અને વસ્તુલક્ષી મૂલ્યાંકન.

**પુસ્તકાલય ઈતિહાસ** : પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં સંચાલિત ઐતિહાસિક સંશોધન.

## 2.13 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCE AND FURTHER READING) :

Busha, Charles Hand Hurter, stephen P. (1980). Research Methods in Librarianship. New York : Academic press.

Duniels, Robert (1996). History in Encyclopedia American. Vol 14. Danbury, Connecticut : Grolier.

Gay, L.R. (1981). Educational Research : Compentencies for Analysis and Application. 22nd ed. Columbus, OH : Charles E. Merrill.

Goldhor, Herbert (1972). An Introduction to Scientific Research in Librarianship. Urbana, IL : University of Illionis, Graduate School of Library Science.

Griffin, Roger A (1999). Using the Internet as a Resource for Historical Research Prospects and Problems. (available at http://www.qustion.cc.tx.us/hidor.inresootitle.html) (aceessed on Dec 10, 2004)

Harris, Michael $H_3$(ed). Reader in americom library history. washington, D.G MCR microcard Editions.

Hillway, Tyrus (1964) Introducti on to Research. 2nd ed. Brston, MA : Houghton, Mittlin.

Isaac, Stephen and William B. Michael (1981). Handbook in Research and Evalution 2nd ed. Sun Diego : CA, Edits Publishers.

Johnson lectutes, chepter 12 (available at http://www.southalabama.edu/coe/bset/johnson/lectures/ch12.PDF) (acceessed on Dec 10, 2004)

Key, James P (1997). Research Design in Occupational Education : Module R 11. (available at www.okstate.edu/org) (accessed on Nov 26, 2004)

Losse, Robert M. and Worley, Karen A. (1993) Research and Evalution for Information Propessionals. San Diego : Academic Press.